**સુવિચાર**

પોતાની અંદરથી આનંદ શોધવો મુશ્કેલ છે, પરંતુ બહારથી તો અશક્ય જ છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૫/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯, અમરેલી, મો.89999 90099

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૪૨

## તંત્રએ માચ્છીમારી ન કરવા સુચના આપી હોવા છતાં

# જાફરાબાદનાં દરિયામાં બોટ ફિશિંગ માટે નીકળી અને પરત આવી


**કોની મીઠી નજરતળે બોટ માલિકો માચ્છીમારી કરવા રવાના થયા તેની તપાસ જરૂરી**

**કાળા ડિબાંગ વાદળો અને ભારે પવન ફુંકાતા બોટ માચ્છીમારીનું કામ પડતુ મુકી પરત આવી**

**બોટ માલિકોની લાલચનાં કારણે અનેક ખલાસીઓ જીવનાં જોખમે માચ્છીમારી કરવા ગયાનું અનુમાન**

**બોટ માલિકો નાણાની લાલચમાં ફરીવાર આવું કોઈ કામ ન કરે તે જરૂરી બન્યું**





જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદ માં તંત્ર દ્વારા દરિયો ન ખેડવા સુચના અને પરિપત્રો હવામાનવિભાગનીઆગાહીહોવાછતાં દરિયોખેડવાસાગરખેડૂ (ખલાસીઓ) ને મધદરિયે ફિશિંગ કરવા મોકલવામાં આવી રહીછે. શુંઆબાબતેતંત્રઅજાણ છે.?? તા. ૨૬ મેનારોજરાત્રીનાસમયે અંધારપટ્ટ કરી બોટોને દરિયો ખેડવા ધકેલીદેવામાંઆવીરહીછેપરંતુસ્થાનિક તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સુતેલું હોય તેવું જોતાલાગીરહ્યુંછે. હવામાનવિભાગની ધોધમાર વરસાદની આગાહી અને માચ્છીમારોને દરિયો ન ખેડવા સુચના હોવા છતાં ખલાસીઓને મધદરિયે ફિશિંગકરવામોકલવામાંઆવેલ. બોટો વહેલીસવારથીઆકાશમાંકાળા ડીબાંગ વાદળોઅનેમધદરિયેવરસાદીસિસ્ટમ એકદમખરાબહોયઅનેકડાકાભડાકા સાથે પવનની ગતિ વધતા અને વરસાદ તોફાની ગતિવિધિઓ તેજ થતાં ૧૨ થી ૧૦ માઈલ બોટો પહોંચી જતા અને કુદરતી આફત નોતરે તે પહેલાં સાગરખેડૂઓ દ્વારા બોટો પરત ફેરવી લેવામાં આવી હતી. તંત્ર અને કોસ્ટ ગાર્ડની અને હવામાન વિભાગની આગાહી હોવા છતાં કાયદાઓની ઐસીતૈસી કરતા બોટ માલિકો સામે કડક કાર્યવાહી ફિશરીઝ વિભાગ દ્વારા કરવામાં આવશે. આગામી ૧ જૂનથી ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ સુધી મત્સ્યોદ્યોગ મંત્રાલયના અધિનિયમ કાયદા અંતર્ગત રાજયના દરિયાઈ કાંઠાના જળવિસ્તારમાં યાંત્રિક બોટો દ્વારા થતી માચ્છીમારી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકયો છે અને નોન મોટરાઈઝડ ક્રફટ લાકડાની તેમજ બિન લાકડાની ફિશિંગ બંધ કરવા આદેશ થયો હતો. તે પહેલાં વાતાવરણમાં પલ્ટો આવતા અને સ્વભાવિક વાવાઝોડું ફૂંકાઈ તેવી હવામાન વિભાગે આગાહી કરતા આવી સ્થિતિમાં દરિયાઈ સીમમાં ઓનલાઈન ટોકન મેળવવા વિના બોટો અને તેમાં રહેલા સાગરખેડૂઓ (ખલાસીઓ) ની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગત તા. ૧૭/૫/૨૦૨૫ ના મત્સ્યોદ્યોગ મંત્રાલયના કમિશ્નર

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલાનાં મહુવા માર્ગ ઉપર બની ઘટના

## સસરાએ ઘરકામ બાબતે ઠપકો આપતા પુત્રવધુએ એસિડ પી લીધુ

**પરિણીતાનું સારવાર દરમિયાન મોત નિપજયુ**

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલાગામેમહુવારોડ ઉપરઆવેલપટેલટાયરપાછળરહેતા શીલ્પાબેન હિમ્મતભાઈ કારડીયા નામની ૨૩ વર્ષિય પરિણીતાને તેણીના સસરા ઘરના કામકાજ બાબતે ખીજાતા. તેથી તે બાબતે લાગી આવતા ગત તા. ૨૨ ના રોજ સવારે ૧૦ વાગ્યા દરમ્યાન ઘરેથી નીકળી જઈ પોતાની મેળે એસીડ પી લેતા તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રાહતદારીઓથી લઈને વાહનચાલકો પરેશાન

## અમરેલી શહેરમાં ઠેકઠેકાણે ભુગર્ભ ગટરનાં ઢાંકણા ધબાય નમ:

**ભુર્ગભ ગટરથી સુવિધા વધવાને બદલે પરેશાની વધી**

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં જનતાજનાર્દનનાં પરસેવાનાં સેંકડો કરોડ રૂપિયાનાં ખર્ચે શહેરીજનોની સુવિધાઅર્થે બનાવવામાં આવેલ ભુર્ગભ ગટર આજે પરેશાની વધી રહી છે.

ભુર્ગભ ગટરનાં નિયમિત સફાઈનો અભાવ, નબળીકક્ષાનું બાંધકામ અને ઢાંકણાની પણ ગુણવતા નબળી હોવાથી ઠેકઠેકાણે ઢાંકણા તુટી જવા કે નીચા ઉતરી જવા સહિતની અનેક સમસ્યાઓથી રાહદારીઓ અને વાહન ચાલકો પરેશાન થઈ ચુકયા હોય ભુર્ગભ ગટરની વ્યવસ્થા મજબુત કરવા શહેરીજનો માંગ કરી રહયા છે.

### ગરીબોને દેવાનો અનાજનો જથ્થો કાળાબજારમાં વેચાતો હોવાની આશંકા

## ડેડાણ ગામેથી પ્રાંત અધિકારીએ રેશનિંગનાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપી લીધો : રૂપિયા ૭.૮૦ લાખનો મુદ્દામાલ સીઝ

**રેશનિંગ કૌભાંડીઓમાં બનાવને લઈને ફફડાટનો માહોલ**




તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

અમરેલી, તા. ૨૭

ખાંભાના ડેડાણ ગામેથી ગઈકાલે મોડીરાત્રિનાં ખાનગી બાતમી આધારે ધારી એસ.ડી.એમ. હર્ષવર્ધનસિંહ જાડેજા દ્વારા રેડ કરતા ગેરકાયદેસર ઘઉ ચોખા સહિતનો જથ્થો ઝડપી પાડયો હતો. અને મોડી રાત્રિનાં ધારી એસ.ડી.એમ. દ્વારા ઘઉ તેમજ ચોખાનો ગેરકાયદેસર જથ્થો ઝડપી પાડી ખાંભા મામલતદારને સોંપવામાં આવ્યો તેમાં ઘઉ ૪૨૮ કિલો અને ચોખા ૨૫૨૯ કિલો તેમજ મહેન્દ્રા બોલેરો સહિત કુલ મુદામાલ ૭,૮૦,૨૬૭ મુદામાલ કબ્જે કરાયો હતો. આ ગેરકાયદેસર ઘઉં ચોખાનો જથ્થો ડેડાણથી જુનાગઢ લઈ જવામાં આવતો હોવાનું બોલેરો ચાલકે જણાવયું હતું. આ ગેરકાયદેસર ઘઉ, ચોખાનું જથ્થો કયાંથી લેવામાં આવે છે. કોના દ્વારા આપવામાં આવ્યો હતો સહિતની તપાસ ખાંભા પુરવઠા વિભાગે તપાસ હાથ ધરી છે. એવું ખાંભા ઈન્ચાર્જ મામલતદાર રાજુભાઈ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ખાંભા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રેશનિંગના ગેરકાયદેસર ઘઉ–ચોખાનાં જથ્થા બારોબાર વેચાતું હોય એવું લોક મુખે સર્ચાઈ રહયું છે. ત્યારે ધારી પ્રાંત અધિકારીની આરેડથી રેશનિંગ કૌભાંડીઓમાં ફફડાટ ફેલાયો હતો.

**તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે**

અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ–વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.

સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.

સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**86,500/-** (૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

**વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ**

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી

કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે Advance Maths-Science, રીઝનિંગ English ની તૈયારી.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE

ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો :: 15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board ધરાવતા કલાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## કોઈ એક ઈસમ કપડાની થેલીમાં શંકાસ્પદ પીણું વેચતા હોય

# લીલીયા મોટામાં ભાજપ અગ્રણીને નિહાળીને દોડાદોડી થઈ પડી

**જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે દારૂ ભરેલી થેલી માંગતા દોડાદોડી થયાનું અનુમાન**

**સામેની વ્યકિત રહેવા દોને ભલા માણસ તેવું રટણ કરે છે**

**કોઈ યુવક બાઈકમાં થેલી લઈને ભાગી છુટતો હોય તેવું ચિત્ર વિડીયોમાં કેદ**

**સત્તાધારી પક્ષનાં અગ્રણી વિપુલ દુધાતે થેલીમાં દેશી દારૂ હોવાનો કર્યો આક્ષેપ**



અમરેલી, તા. ૨૭

લીલીયા મોટા પંથકની ક્રાંકચ સીટનાં જિલ્લા પંચાયતનાં સત્તાધારી પક્ષ ભાજપનાં સદસ્ય વિપુલ દુધાતે લીલીયાની નાવલી નદીમાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતો એક વિડીયો બનાવીને વાયરલ કરતાં ચકચાર મચી છે.

વિડીયોમાં સ્પષ્ટ જોવા મળે છે કે કોઈ ઈસમ કપડાની થેલીમાં દેશી દારૂ રાખીને વેચતો હોય અને ભાજપ અગ્રણીએ કીધુ કે દારૂ ભરેલો થેલો મુકી દો અને સામેની વ્યકિત કહે છે કે રહેવા દોને ભાઈ આપણે ભાઈઓ છે અને બાદમાં અન્ય એક યુવક થેલી લઈને નાસતો નજરે ચડે છે.

આ અંગે વિપુલ દુધાતે એક બાઈટમાં જણાવેલ છે કે, મોટા લીલીયા ગામમાં નીકળતા નાવલીમાં લોકો ધ્વારા દારૂ બાબતે રજૂઆત કરી કે ઘરેથી બહેન દીકરીને નાવલીમાં ઘરની ચીજવસ્તુની ખરીદી કરવા કઈ રીતે મોકલવા. શાકભાજીની જેમ સમગ્ર લીલીયા તાલુકામાં દારૂ મળે છે જેથી બહેન દીકરીને મોકલી શકતા નથી જેથી અમારે ફરજિયાત સાથે આવવું પડે છે. હાલમાં દેશની સરહદ પાર આપણા જવાનોએ ''સિંદૂર'' ઓપરેશન કરેલ જયારે અમરેલીમાં દારૂબંધી હોવા છતાં બેફામ દારૂનું ખુલ્લેઆમ વેચાણ થાય છે જેના કારણે કેટલીય બહેન દીકરીઓના સિંદૂરના સેથા ભૂંસાઈ જાય છે અને વિધવા થાય છે અને બાળકો નોંધારા બને છે. લીલીયા તાલુકામાં પાંચ વર્ષમાં અંદાજે ૮૦ જેટલી બહેન દીકરીઓ વિધવા બનેલ છે અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારને બદનામ કરવાનું અધિકારી ધ્વારા ષડયંત્ર કરવામાં આવે છે. તેમ અંતમાં જણાવેલ છે.

## લોહાણા મહાપરિષદ અને મહાજન દ્વારા

# અમરેલી ખાતે લોહાણા જ્ઞાતિનાં વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણ કરાયું

**લોહાણા મહાપરિષદ ઝોન–૪ નો બીજા વર્ષે પ્રયાસ**

ચલાલા, તા. ૨૭

લોહાણા સમાજ દ્વારા લોહાણા મહાપરિષદ ઝોન–૪ અને ખીમજી ભગવાનદાસ ચેરી. ટ્રસ્ટ ના માર્ગદર્શન તથા સહકારથી અને દાતા પરિવારના સહયોગથી લોહાણા જ્ઞાતિના દરેક બાળકો માટે રાહતદરે ચોપડા વિતરણ નો કાર્યક્રમ તા. ૨૫/૫/૨૫ ને રવિવારે લોહાણા વિદ્યાર્થી ભવન, અમરેલી ખાતે યોજવામા આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોહાણા જ્ઞાતિના બાળકોને રાહતદરે ચોપડા આપવામાં આવ્યા હતા કાર્યક્રમની શરૂઆતમાં માતા સરસ્વતી અને જલારામ બાપાનું પૂજન અને દીપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી લોહાણા જ્ઞાતિ ના બાળકોએ બહોળી સંખ્યામા લાભ લીધો હતો. કાર્યક્રમ લોહાણા મહાજન અમરેલીના પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર, ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા, પૂર્વપ્રમુખ અને સમાજના વડીલ જે.પી.ગોળવાળા, લોહાણા વિધાર્થી ભવનના પ્રફુલભાઈ બાટવીયા લોહાણા મહાપરિષદ ઝોન ૪ ના ઝોનલ પ્રમુખ સુમિતભાઈ ઠક્કર, જોઈન્ટ સેક્રેટરી ભદ્રેશભાઈ ઠક્કર, રિઝિયન પ્રમુખ નિલેશભાઈ મજીઠિયા, રિઝિયન પ્રમુખ અમરેલી સંજયભાઈ વણજારાના માર્ગદર્શન નીચે વિતરણ વ્હાસ્થા કરવામાં આવેલ હતા, જેમાં સમાજના અગ્રણીઓ, વડીલો, ટ્રસ્ટીઓ, વેપારીઓ, શુભેચ્છકોના હસ્તે બાળકોને પ્રોત્સાહન રૂપ ચોપડાનું વિતરણ



કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સૌ લોહાણા સમાજના અગ્રણીઓ અને પરિવારો જોડાયા હતા. આ ચોપડા વિતરણ લોહાણા સમાજના દાતા પરિવારો સ્વ.પ્રીતમલાલ ત્રમ્બકલાલ વસાણી પરિવાર, સ્વ.જયંતકુમાર ગિરધરલાલ વસાણી પરિવાર, ભુપતભાઈ પજવાણી પરિવાર, ધર્મેશભાઈ હરિયાણી (સીએ) પરિવાર, નવીનભાઈ વસાણી પરિવાર નો સહકાર સાંપડયો છે, તથા માર્ગદર્શન અને સહયોગ, લોહાણા મહાપરિષદ ઝોન – ૪ શિક્ષણ સમિતિ અને ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટનો રહ્યો છે.

આ કાર્યક્રમમાં જ્ઞાતિના વડીલો, દાતાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે વિધાર્થીઓને શુભેચ્છાઓ આપી હતી.

લોહાણા જ્ઞાતિના ભાવનગર, અમરેલી અને બોટાદના મળી કુલ ૨૦ ગામના લોહાણા મહાજનોમાં ચોપડા વિતરણમાં અંદાજે ૨૦૦૦ કરતા વધુ વિધાર્થીઓ ને ચોપડાનો લાભ આપવામાં આવશે. કુલ ૫૦,૦૦૦ ચોપડાનું વિતરણ લોહાણા સમાજ દ્વારા કરવામાં આવનાર છે જે તબક્કા વાર વિતરણ કાર્યક્રમો કરવામાં આવશે.

## વૈશાખનાં અંતિમ દિવસે અષાઢી માહોલ છવાયો

# સાવરકુંડલા અને અમરેલી પંથકમાં ઘટાટોપ વાદળો છવાયા : કયાંક જોરદાર પવન ફુંકાયો

**અસહ્ય ગરમીનો સામનો કરતાં શહેરીજનોને થોડી રાહત મળી**

અમરેલી, તા. ૨૭

અમરેલી અને સાવરકુંડલા શહેરમાં આજરોજ સવારના સુમારે લગભગ પોણા દસ વાગ્યાનાં અરસામાં અચાનક જોરદાર પવન ફુંકાયો અને આશાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું જોવા મળ્યું હમણા એ અનરાધાર કમોસમી વરસાદ તૂટી પડશે એવો વરસાદી ડોળ થતો જોવા મળેલ. જો કે ત્યારબાદ અડધી કલાક પછી વાતાવરણ શાંત થયું. જો કે હજુ પણ આ કમોસમી વરસાદ કયારે ત્રાટકે એની કોઈ ખાતરી નથી. પરંતુ એકંદરે વાતાવરણ શાંત છે. વાતાવરણ આછા વાદળોથી ઘેરાયું છે. જો કે આ તો આભ કહેવાય કયારે વરસી પડે એની કોઈ ગેરંટી ન આપી શકાય. જો કે હજુ પણ



સૂર્યનારાયણ આછા વાદોળથી ઢંકાયેલ જોવા મળે છે. વાતાવરણમાં ગઈકાલની તુલનાએ થોડી ઠંડક જોવા મળે છે.

## સ્થાનિક પોલીસે બાતીમનાં આધારે દરોડો પાડયો

# સાવરકુંડલાનાં મીતીયાળા ગામે જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રૂપિયા ૧૦૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે રહેતા વસીમભાઈ મહંમદભાઈ રાઠોડ, અકરમભાઈ અલીભાઈ બેલીમ, ધીરૂભાઈ ભાદાભાઈ ખીમાણીયા, હરેશભાઈ કનુભાઈ ખીમાણીયા, મુકેશભાઈ ધીરૂભાઈ ખીમાણીયા, વીશાલભાઈ ધીરૂભાઈ મોલાડીયા તથા હિંમતભાઈ નારણભાઈ વડેચા નામના સાતેય ઈસમો જાહેરમાં પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય. સ્થાનિક પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૪૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## જિલ્લા કોંગ્રેસ અનુ.જાતિ વિભાગનાં ચેરમેનની માંગ

# લાઠીનાં જરખીયા ગામનાં યુવકની હત્યા કરનારને કડકમાં કડક સજા કરો

**રાજયનાં ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાનાં કોંગ્રેસ અનુસૂચિત જાતીનું વિભાગનાં ચેરમેન હસમુખ બગડાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં અવાર–નવાર દલિત સમાજ પર અત્યાચારનાં બનાવો બની રહ્યા છે. તેમાં હાલ લાઠી તાલુકાના જરખીયા ગામે બનેલ દલિત યુવાનની હત્યાથી સમગ્ર દલિત સમાજમાં એક ભયનું તેમજ અસુરક્ષાનું વાતાવરણ ઉભું થયેલ છે. ત્યારે આવનાર સમયમાં આવા કોઈ અનિશ્ચય બનાવો નાં બને તે માટે



યોગ્ય પગલા લેવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, આ યુવાન હત્યાકાંડનાં આરોપીને કડકમાં કડક કાયદાકીય જોગાવઈ મુજબ સજા થાય અને તેમના ઉદારણીય રૂપ દાખલો બેસાડવામાં આવે. જેથી આવનાર સમયમાં આવા કોઈપણ સમાજમાં બનાવો ના બને. તેમના તકેદારીના પગલા લેવા તેમજ આ યુવાનના પીડિત પરિવાર સાથે સરકાર દ્વારા થયેલ વાટાઘાટો થયા મુજબની જે મૃતક પરિવારને હૈયાધારણા આપવામાં આવેલ છે તે મુજબની તમારા સવલત અને સહાય ચૂકવવામાં આવે અને હત્યાકાંડનાં આરોપી સામે ત્વરિત કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

# રાજુલા : સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ૨૨ મેથી ૫ જૂનની ઉજવણી

તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા




અમરેલી વિ પર્યાવરણ દિવસ ૨૦૨૫ નિમિતે ૨૨ મે ૨૦૨૫ થી ૫ જૂન ૨૦૨૫ સુધી 'Ending Plastic Pollution Globally' થીમ પર કાર્યક્રમના ભાગે રૂપે ૨૭/૫/૨૦૨૫ના આજ રોજ સવારે ૧૦:૦૦ કલાકે જાફરાબાદ તાલુકાનું વઢેરા ગામ નજીક વારપાઈ ધામ વરૂડી બીચ કિનારાની આજુ બાજુના વિસ્તારમાં પ્લાસ્ટિક ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વૈકિ સ્તરે પ્લાસ્ટિક પ્રદુષણનો અંતના અનુસંધાને, પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવો તેમજ પાણી બચાવો અંતર્ગત તેમજ જન જાગૃતિ માટે વેસ્ટ પ્લાસ્ટિક એકત્રીકરણ કરી કચરો સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં સમાજિક વનીકરણ રેન્જ રાજુલાના RFO બી.બી. ચાંદુ સાહેબ અને તમામ રેન્જ સ્ટાફ તથા વન્યજીવ રેન્જ જાફરાબાદના RFO જી.એલ. વાઘેલા સાહેબ અને તમામ રેન્જ સ્ટાફ, પર્યાવરણ ઈજનેર અને અલ્ટ્રાટેક સિમેન્ટ (યુનિટ નર્મદા સિમેન્ટ)ની ટીમે તથા વડેરાના ગ્રામજનો આ કાર્યક્રમમાં ભાગ લીધો છે. અંતે તમામ કાર્યક્રમના ભાગ રૂપે સાફ સફાઈ આશરે ૯૫ કિલો જેટલું પ્લાસ્ટીક એકઠું કરી અલ્ટ્રાટ્રેક કંપનીમાં કચરાનો નાશ કરવા માટે મોકલી આપવામાં આવ્યો અને પર્યાવારણને અનુકૂળ રીતે કચરાનો નાશ કરવામાં આવ્યો હતો. અને પ્રતિજ્ઞા લઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

## નાયબ દંડક વેકરિયા, સાંસદ સુતરીયા સહિતનાં આગેવાનોએ રાજયપાલનો આભાર માન્યો


# અમરેલીને પ્રાકૃતિક કોલેજની સુવિધા આપવામાં આવી

**રાજયનાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે રાજયપાલ સતત પ્રયત્નશીલ છે**

**પ્રાકૃતિક યુનિવર્સિટી સંલગ્ન કોલેજ આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે**

**અમરેલી જિલ્લામાં કોલેજ શરૂ થવાથી પ્રાકૃતિક ખેતી વેગવંતી બનશે**

**પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદીત ખાદ્ય પદાર્થોથી જન આરોગ્યમાં પણ સુધારો થશે**


અમરેલી, તા. ૨૭

ગુજરાત રાજયનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક કૃષિના વિકાસ માટે ખૂબ જ પ્રયત્નશીલ રહ્યા છે. રાજયનાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે એ માટે તેઓ સતત રાજયનાં ખેડૂતોને માર્ગદર્શન આપી રહ્યા છે.

તાજેતરમાં પ્રાકૃતિક યુનિવર્સિટી સંલગ્ન અમરેલી ખાતે નવી પ્રાકૃતિક કોલેજ મંજૂર થતાં રાજયના રાજયપાલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવા માટે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા, અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી ભાજપ પ્રમુખ અતુલ કાનાણી તથા મોટા ભંડારીયાના અગ્રણી જયસુખભાઈ કસવાલા તથા ભરતભાઈ કસવાલા વગેરેએ રાજયપાલની મુલાકાત લઈ અમરેલીને પ્રાકૃતિક કોલેજ ફાળવવા બદલ આભારની લાગણી પ્રગટ કરી હતી. આ તબકકે યુનિવર્સિટીના વી.સી. ટીંબડીયા પણ ઉપસ્થિત રહેલ.

## નાગ્રેચા પરિવારની લાડલી રાશિનો આજે જન્મદિન



અમરેલી, તા. ૨૭

આજે તા.૨૮/૫/૨૦૨૫ના રોજ રાશી ભાવેશભાઈ નાગ્રેચાનો જન્મ દિવસ છે. રાશી આજે પોતાના જીવનના સાત વર્ષ પૂર્ણ કરી આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. રાશિ આજે તેનો જન્મદિવસ તેના મસ્તીખોર પાર્ટનર નાના નાના ભાઈઓ અને પરિવાર સાથે ખૂબ ધામધુમથી ઉજવણી કરશે અને કેક કાપશે સાથે સાથે પરિવારની પરંપરા સાથે રાશી મંદિરે અને સેવા વસ્તીમાં જય અને ત્યાં પણ સેવાકીય કાર્યો કરશે.

રાશીને તેના દાદા નવીનભાઈ, દાદી ઈન્દુબેન, પપ્પા ભાવેશભાઈ, મમ્મી ચેતાબેન અને નાના ભાઈઓ ધૈવત ધ્વનિત અને કાકા હિરેનભાઈ અને છોટીમાં ધારાબેન જન્મદિવસની શુભકામનાઓ અને મીઠા મધુર આશિષ આપે છે.

## ભારત સરકારનાં કૃષિ અને ખેડૂત મંત્રાલય દ્વારા

# અમરેલીનાં માંગવાપાળ ગામેથી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન શરૂ થશે

**નાયબ દંડક વેકરીયા અને સાંસદ સુતરીયા જોડાશે**

અમરેલી, તા. ૨૭

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તારીખ. ૨૯/૫/૨૫ થી ૧૨/૬/૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ચલાવવામાં આવનાર છે. આ કાર્યક્રમનો શુભારંભ અમરેલી તાલુકાના માંગવાપાળ ગામેથી ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અમરેલી દ્વારા બેટીમો કાર્યરત થશે આ બંને ટીમોમાં કેવીકે, કૃષિ યુનિવર્સિટી અને આઈસીઆરના વૈજ્ઞાનિકઓ તેમજ ખેતીવાડી, બાગાયત અને આત્માના અધિકારીઓ સાથે સાથે એફ.પી.ઓ. અને ઈફકો કંપનીના પ્રતિનિધિઓ પણ સામેલ થશે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં દરરોજ ૧૦ ગામમાં આ ટીમો ૧૫ દિવસ સુધી સતત કાર્યરત રહેશે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના ખેડૂતોને ખરીફ પાકોની આધુનિક ખેત પદ્ધતિની માહિતી, સરકારી યોજના તેમજ પોલીસીનો પ્રચાર કરવામાં આવશે. સોઈલ હેલ્થ કાર્ડની ઉપયોગીતા તેમજ પ્રાકૃતિક ખેતી અને ડ્રોન ટેકનોલોજી અંગે ખેડૂતોને જાગૃત કરવામાં આવે છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241









ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અધ્યાપન સેવાનાં ૨૬ વરસ પૂર્ણ થતાં

# અંગ્રેજી ભવનનાં વરિષ્ઠ પ્રોફેસર અને પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો.જયદીપસિંહ ડોડિયાનું અભિવાદન

## કાર્યકારી કુલપતિ તરીકેનો અલ્પકાળ યશસ્વી રહ્યો હતો

અમરેલી,તા.૨૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક અગ્રણી પ્રો.જયદીપસિંહ ડોડિયાને તેમની યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકેની શિક્ષણ સેવાના ૨૬ વર્ષ પૂરા થતા યુનિવર્સિટીના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશી, રામકૃષ્ણ મિશન રાજકોટના પ્રમુખ સ્વામી નિખિલેશનંદજી, પૂર્વ કુલપતિ પ્રોફે.ડો.કમલેશ જોશીપુરા, પૂર્વ કુલપતિ પ્રોફે.ડો.પ્રતાપસિંહ ચૌહાણ અને કુલસચિવ ડો.રમેશ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માનપત્ર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રો. ડોડિયા ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયાં એ પહેલા રાજકોટની શ્રીમતી એમ.ટી.ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે તેઓએ માંગરોળ જેવા શિક્ષણ ક્ષેત્રમાં અલ્પવિકસિત વિસ્તારમાં પણ અંગ્રેજી ભાષાના પ્રચાર પ્રસાર માટે પ્રો.એમ.જી.મચ્છરના નેતૃત્વમાં વિલિયમ શેક્સપિયર સોસાયટી સ્થાપી હતી. ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરૂ કરનાર પ્રો.જયદીપસિંહ ડોડિયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુકયા છે. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન કુલપતિ ડો.મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતનાં તત્કાલીન રાજયપાલ ડો.કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો.ડોડિયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદીપસિંહ ડોડિયાનો વર્ષ ૨૦૧૩માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખૂબ જ અલ્પ સમય ગાળો પોતાની કુનેહ અને કાર્યદક્ષતા કારણે ગુજરાત રાજયનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશસ્વી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આટર્સ ફેકલ્ટીના ડીન અને અધર થેન ડીન એમ બંને પદે અધ્યાપક સમાજના ઉત્કર્ષ માટે પોતે કરેલી સેવાને કારણે ચૂંટાઈને પ્રો.જયદીપસિંહ ડોડિયાએ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી–પાટણની કુલપતિ સર્ચ કમિટીમાં યુ.જી.સી.ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમ જ રાજયપાલના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતાં પૂર્વક ફરજ




બજાવી ચૂકયા છે. તેમજ પ્રો.ડોડિયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી,કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખપદે સતત ત્રણ વખત બિનહરીફ ચૂંટાયાં છે. ઉપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો–ઓ. હાઉસિંગ સોસાયટીના પણ પ્રમુખની જવાબદારી છેલ્લા દસ વરસથી નિભાવી રહ્યાં છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસરથી કારકિર્દી શરૂ કરીને અંગ્રેજી ભાષા સાહિત્યનાં બઢતીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવનાર પ્રો.જયદીપસિંહ ડોડિયા સૌરાષ્ટ્ર કચ્છમાં અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. જેઓના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૫૦ જેટલા અધ્યાપકોએ પીએચ.ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. એટલુ જ નહિ, પણ આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે સફળતા પૂર્વક કાર્ય કરી રહ્યા છે. અંગ્રેજી ભવનનાં અધ્યક્ષ તરીકેના તેના ત્રણ વર્ષનાં કાર્યકાળમાં અંગ્રેજી વિષયના માર્ગદર્શકો સાથે સતત પરામર્શ કરી, પીએચ. ડી. પ્રવેશ ઈચ્છતો અંગ્રેજીનો એક પણ તેજસ્વી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે તે દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી હતી. વર્ષ ૨૦૧૯માં ભવન અધ્યક્ષ તરીકે તેના કાર્યકાળમાં ૪૦ વિદ્યાર્થીઓને પીએચ.ડી.માં પ્રવેશ આપવામાં આવ્યો હતો જે પૈકી ૩૫ જેટલા સંશોધકોએ પોતાનું સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. એક અધ્યાપક તરીકે ડો. ડોડિયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહી અને જરૂર પડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે. ઈતિહાસ ગવાહ છે કે તેઓની સતત સક્રિયતાને કારણે તેઓ નજીકના ભૂતકાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનેક ચૂંટણી જંગમાં એકલા હાથે લડી તોતિંગ બહુમતીથી વિજેતા જાહેર થયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાતમાં યુ.જી.સી.ના છટ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

પ્રો.જયદીપસિંહ ડોડિયાને તેમના અભિવાદન બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે.ઉત્પલ જોશી, પૂર્વ કુલપતિ પ્રોફે. કમલેશ જોષીપુરા, પૂર્વ કુલપતિ પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ, પૂર્વ ઉપકુલપતિ ડો.કલ્પકભાઈ ત્રિવેદી, સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ જોષી, ઉદ્યોગપતિ અભયસિંહ ડોડિયા ( હિમાલય રેફ્રીજરેસન ઈન્ડસ્ટ્રીઝ), રવિરત્ન પાર્ક નાગરિક મંડળનાં મંત્રી, સી. એન.જાવિયા અને અગ્રણી મગનભાઈ ઝાલાવડીયા, ઉદયસિંહ રામભાઈ ઝાલા (ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા (ખાપટગીર), કે.ડી. વૈંશ (આલીદર), સગાભાઈ રાણાભાઈ બારડ (બુધેચા), રમેશભાઈ કે. સાકરીયા (રાધિકા સિલ્વર,રાજકોટ), તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિકજી.ડોડિયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પ્રો.જયદીપસિંહ ડોડિયાને (મો.૯૬૮૭૬૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સમાજ જીવનમાં ઓતપ્રોત રહેલા પ્રો.ડોડિયાના કરાયેલા અભિવાદનની પણ પ્રશંસા કરવામાં આવી છે.

### ૪ માસથી ચાલી રહી છે કામગીરી

# કચ્છમાં e-KYC ના કરાવનારા ૨,૨૮,૩૪૯ લોકોનું અનાજ હાલ પૂરતું કરાયું બ્લોક

## હાલ પરમિટ ધારકનાં તમામ સભ્યોને ઇ-કેવાયસી કરાવવાનાં હોવાથી ૯,૩૯,૧૮૫ સભ્યોએ ઇ-કેવાયસી કરાવી લીધું છે

કચ્છ,તા.૨૭

કચ્છમાં નોંધાયેલા ૨,૭૧,૪૧૧ પરમિટ ધારકોના ૧૧,૬૭,૫૩૪ સભ્યોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત સસ્તા અનાજની દુકાનેથી નિઃશુલ્ક અનાજ વિતરણ કરવામાં આવે છે. ત્યારે હાલ પરમિટ ધારકનાં તમામ સભ્યોને ઈ-કેવાયસી કરાવવાનાં હોવાથી ૯,૩૯,૧૮૫ સભ્યોએ ઈ-કેવાયસી કરાવી લીધું છે. જ્યારે ૨,૨૮,૩૪૯ લોકોનું ઈ-કેવાયસી બાકી હોવાથી તેઓનો અનાજનો જથ્થો બ્લોક કરવામાં આવ્યો છે. કુલ ૧૯.૫૬ ટકા લોકોનાં હજુ પણ ઈ-કેવાયસી કરવાના બાકી બોલી રહ્યા છે.

ગરીબ અને મધ્યમવર્ગને સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનેથી નિઃશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે કચ્છ જિલ્લામાં દસ તાલુકામાં નોંધાયેલા પરમિટ ધારકો પર નજર કરવામાં આવે તો લખપત તાલુકામાં ૧૨,૫૦૫ પરમિટ ધારકોનાં ૫૦,૭૩૫ સભ્યો, રાપર તાલુકાનાં ૨૯,૮૮૦ પરમિટ ધારકોનાં ૧,૨૯,૭૪૯ સભ્યો, ભચાઉ તાલુકાનાં ૨૪,૮૬૦ પરમિટ ધારકોનાં ૧,૦૨,૧૭૧ સભ્યો, અંજાર તાલુકાનાં ૨૨,૬૭૦ પરમિટ ધારકોનાં ૯૬,૪૩૯ સભ્યો, ખાવડાનાં ૯,૬૬૮ પરમિટ ધારકોનાં ૪૧,૧૩૭ સભ્યો, નખત્રાણા તાલુકાનાં ૨૫,૪૦૨ પરમિટ ધારકોનાં ૧,૧૬,.૫૩૨ સભ્યો, અબડાસા તાલુકાનાં ૨૧,૦૬૧ પરમિટ ધારકોનાં ૯૬,૦૮૬ સભ્યો, માંડવી તાલુકાનાં ૩૦,૩૩૪ પરમિટ ધારકોનાં ૧,૩૫,૩૯૭ સભ્યો, મુન્દ્રા તાલુકાનાં ૧૮,૩૬૭ પરમિટ ધારકોનાં ૮૦,૬૭૮ સભ્યો, ગાંધીધામ તાલુકાનાં ૨૮,૬૧૩ પરમિટ ધારકોનાં ૧,૦૬,૮૭૫ સભ્યો, ભુજ તાલુકાનાં ૨૩,૪૯૨ પરમિટ ધારકોનાં ૧,૦૬,૫૨૮ સભ્યો અને ભુજ શહેરનાં ૨૪,૬૫૯ પરમિટ ધારકોનાં ૧,૦૫,૦૦૭ સભ્યોને અન્ન આપવામાં આવે છે.

ત્યારે પરમિટ સાથે તેમાં નોંધાયેલા સભ્યોનું આધાર કાર્ડ પરમિટ સાથે લિંક કરાવવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં છેલ્લા ચારેક માસથી કચ્છ જિલ્લામાં ૨,૭૧,૪૧૧ પરમિટ ધારકોનાં ૧૧,૬૭,૫૩૪ સભ્યોમાંથી ૯,૩૯,૧૮૫ સભ્યોનું આધાર કાર્ડ પરમિટ સાથે લિંક થઈ ગયું છે. તેમ છતાં રાપરમાં ૩૧,૫૯૨, ભુજમાં ૨૫,૪૪૯, ભુજ(શહેર)માં ૨૩,૭૩૮, ખાવડામાં ૯,૧૦૧, ગાંધીધામમાં ૨૩,૪૬૬, નખત્રાણામાં ૨૩,૫૦૫, ભચાઉમાં ૨૦,૦૯૯, અબડાસામાં ૧૭,૫૮૨, લખપતમાં ૮,૫૫૭, અંજારમાં ૧૪,૯૫૧, માંડવીમાં ૧૯,૩૬૯ અને મુન્દ્રામાં ૧૦,૯૪૦ મળીને કુલ ૨,૨૮,૩૪૯ લોકોનું ઈ-કેવાયસી કરવાનું બાકી છે. ચારેક માસનો સમયગાળો આપ્યો છતાં પરમિટ ધારકોએ પોતાનાં સભ્યોનાં ઈ-કેવાયસી ન કરાવતા હોવાથી તંત્ર દ્વારા તેઓનાં અનાજનો જથ્થો હાલ સ્થગિત કરવામાં આવતાં લોકો ઈ-કેવાયસી કરાવવા માટે મામલતદાર સહિતની કચેરીઓમાં લાઈનો લગાવી રહ્યા છે. તો સસ્તા અનાજના દુકાનદારો દ્વારા પણ પરમિટ ધારકોને ઈ-કેવાયસી કરાવવી લેવા માટે સમજણ આપવામાં આવી રહી છે. સરકાર દ્વારા પરમિટ ધારકોમાં નોંધાયેલા સભ્યો પૈકી જે સભ્યોના ઈ-કેવાયસી હશે તેવા સભ્યોની ગણતરી કરીને સસ્તા અનાજની દુકાનેથી રાશન વિતરણ કરવામાં આવી રહ્યું છે. એટલે કે ૧૦૦ ટકા ઈ-કેવાયસી જરૂરી બની ગયું છે, પરંતુ હાલે ૦થી૫ વર્ષના બાળકો માટે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે. કારણ કે, બાળકોનાં ફિંગર નાના હોય તેમજ ચહેરો પણ અસ્પષ્ટ હોવાને કારણે ઈ-કેવાયસી કરાવવામાં મુશ્કેલીઓ પડી રહી છે. સરકાર દ્વારા આ વખતે મે માસમાં મે અને જૂન માસનું રાશન વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં માસનાં પ્રથમ ૧૫ દિવસ મે માસનું અને બાકીનાં ૧૫ દિવસ જૂન માસનું રાશન પરમિટ ધારકોને અપાયું હતું. આ જ રીતે હવે જૂન માસમાં પણ પરમિટ ધારકોને જુલાઈ અને ઓગસ્ટ માસનું રાશન અપાશે. એટલે કે, એક માસમાં બે માસનું રાશન અપાશે. તેમાં પણ પ્રથમ ૧૫ દિવસ જુલાઈ માસનું અને બાકીનાં ૧૫ દિવસ ઓગસ્ટ માસનું રાશન પરમિટ ધારકોને અપાશે

### નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો

# ૧૨ પાસ યુવતીએ નકલી અધિકારી બની લાખો રૂપિયા ખંખેર્યા

## આ નકલી ડેપ્યુટી મામલતદાર અધિકારી મહિલાની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

વલસાડ,તા.૨૭

રાજ્યભરમાં કેટલાક સમયથી નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો છે. આવી જ ઘટના વલસાડમાં સામે આવી છે. પોતે ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી એક મહિલાએ અનેક યુવકોને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી લાખો રૂપિયા ખંખેરી લીધા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસ સ્ટેશન સુધી મામલો પહોંચતા જ પોલીસે આ નકલી ડેપ્યુટી મામલતદાર અધિકારી મહિલાની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને પોલીસની તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. આ મહિલાનું નામ નિમિષા હરીશ નાયકા છે. જે મૂળ વલસાડના અંબાજ ગામની વતની છે. તેના લગ્ન તાપી જિલ્લાના સોનગઢમાં પરિમલ ચૌધરી સાથે થયા હતા, તેથી તે હાલ પતિ સાથે ત્યાં જ રહે છે. આ નિમિષાએ માત્ર ૧૨ ધોરણ સુધી જ અભ્યાસ કરેલો છે છતાં પણ પોતે નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી અને છેતરપિંડીનું આખું આ ષડયંત્ર આચર્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

નિમિષાએ પોતે મોટી સરકારી અધિકારી હોવાની ઓળખ આપીને સૌપ્રથમ માનવ પટેલ નામના તેના જ એક પરિચિત મિત્રને પોતાની જાળમાં ફસાવ્યો હતો, તેને કલેક્ટર ઓફિસમાં PAની સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ૪.૭૫ લાખ રૂપિયા ખંખેર્યા હતા. જે બાદ માનવ પટેલ થકી જ પરિચિત થયેલા અન્ય ત્રણ યુવકો મળીને કુલ ચાર યુવકો સાથે તેણે ૯.૫૯ લાખની છેતરપિંડી આચરી હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે.

નિમિષા નાયકા પોતે ઓછું ભણેલી છે. તેમ છતાં તેણે ઉચ્ચ સરકારી અધિકારીઓના નામે ઓળખ કાર્ડ બનાવ્યા હતા. અત્યાર સુધી આ નિમિષાએ નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડેપ્યુટી મામલતદારનો હોદ્દો ધરાવે છે તેવા નકલી આઈકાર્ડ બનાવ્યા હોવાની માહિતી સામે આવી છે. નિમિષા પોતે જિલ્લાના કલેક્ટર, DDO, દિલ્હીના અધિકારીઓ અને ગાંધીનગરના અધિકારીઓ સાથે પણ સીધી સંપર્કમાં છે. નિમિષાએ આ કૌભાંડમાં ખોટા આઈકાર્ડ બનાવી અને પૈસા પડાવવા માટે પોતાના સગા સંબંધીઓના નામે સીમકાર્ડ ખરીદ્યા હતા. આ સીમકાર્ડનો તે પોતે જ ઉપયોગ કરતી હતી. આ નંબરો પરથી તે વોટ્સએપના માધ્યમથી અન્ય યુવકોને ફસાવતી અને અન્ય કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને આઈએએસ અધિકારીઓની ઓળખ આપી યુવકોને કલેક્ટર કચેરીઓમાં અને અન્ય સરકારી કચેરીમાં ઁછ તથા ડ્રાઈવર તરીકેની નોકરી અપાવવાની લાલચ આપતી. નિમિષા પોતે ઉચ્ચ અધિકારીનો હોદ્દો ધરાવતી હોવાની ડફાસતો મારતી હતી. પરંતુ હકીકતમાં તે માત્ર ધોરણ ૧૨ પાસ છે અને તેણે ડેપ્યુટી મામલતદારના ડુપ્લીકેટ આઈકાર્ડ બનાવ્યા તેમાં પણ મામલતદારનો સ્પેલિંગ ખોટો લખ્યો છે. આ સાથે તેણે નવસારી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાં ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી હતી. જોકે હકીકતમાં શિક્ષણ અધિકારીની કચેરીમાં ડેપ્યુટી મામલતદારની કોઈ પોસ્ટ જ નથી. તેણે સરીગામના ડીડીઓ તરીકેની પણ ઓળખ આપી હતી, પરંતુ સરીગામમાં પણ કોઈ જિલ્લા વિકાસ અધિકારીનો હોદ્દો જ નથી. મહત્વપૂર્ણ છે કે છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો છે. ક્યાંક નકલી પોલીસ પકડાય છે, તો ક્યાંક અધિકારીઓની આખે આખી ટીમ પકડાય છે. જોકે પારડી પોલીસના હાથે લાગેલી નિમિષા નાયકાએ તો પોતે ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી હતી અને અત્યાર સુધીની તપાસમાં ચાર યુવકો સાથે ૯.૫૯ લાખની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. હાલ તે પોલીસ રિમાન્ડ પર છે, જેથી આગામી સમયમાં તેણે આચરેલા અનેક કારનામાઓ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

### એક દંપતિના કેસમાં સુપ્રીમનું માર્મિક સૂચન

# ‘કોફી’ અને ‘ડીનર’ સાથે લઇને દંપતિ સમસ્યાનું સુખદ સમાધાન લાવી શકે

## આ કેસમાં દંપતિ વચ્ચેના મતભેદમાં કોઇ હકારાત્મક ઉકેલ સામે આવી શકે એ વિચારીને સુપ્રીમ કોર્ટે કેસની વધુ સુનાવણી રાખી છે

નવી દિલ્હી, તા.૨૭

દાંપત્યજીવન, એની તકરારો અને છુટાછેડા સુધી પહોંચતા અનેક દંપતિઓ માટે સુપ્રીમ કોર્ટનો એક સરાહનીય સૂચન કરતો આદેશ સામે આવ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટે છૂટાછેડાના કાનૂની જંગમાં ઉતરેલાં એક દંપતિને એવું કહ્યું છે કે,‘કોફીના એક કપ પર ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે, તેમણે સાથે મળીને કોફી પીને અથવા તો ડીનર લઈને પોતાની લગ્નજીવનની સમસ્યાનું સુખદ સમાધાન લાવવું જોઈએ.’ એક ખૂબ જ અપવાદ રૂપ કહી શકાય એવી ઘટના સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં બની છે. જેમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી. નાગરથના અને જસ્ટિસ સતીષચંદ્ર શર્માની ખંડપીઠ એક માતાએ કરેલી અરજી ઉપર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં ફેશન આંત્રપ્રિન્યોર મહિલાએ તેના ત્રણ વર્ષના બાળકને પોતાની સાથે વિદેશ ટ્રાવેલ પર લઈ જવાની દાદ માગી હતી. અરજીની સુનાવણીમાં ખંડપીઠે એવું મર્મસ્પર્શી સંવાદ અને સૂચન કર્યું હતું કે,‘તમારું બાળક માત્ર ત્રણ વર્ષનું છે. તમારી (દંપતિ) વચ્ચે કયો અહમ્ આવી ગયો છે? અમારી કેન્ટિન તો તમારા માટે ઉપયુક્ત નથી. પરંતુ અમે તમને એક ડ્રોઈંગ રૂમ ફાળવીશું. ત્યાં તમે બંને આજ રાત્રે ડીનર માટે ભેગા થાઓ અને ત્યાં કોફીના એક કપ પર તમારી વચ્ચેના સમાધાનનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરો.’ એટલું જ નહીં સુપ્રીમની ખંડપીઠે એવી સંવેદનાત્મક ટકોર કરી હતી કે,‘દંપતિએ તેમના વરવા ભૂતકાળને એક કડવી દવાની જેમ ગળી જવી જોઈએ અને ભવિષ્યનો વિચાર કરવો જોઈએ.’ આ કેસમાં દંપતિ વચ્ચેના મતભેદમાં કોઈ હકારાત્મક ઉકેલ સામે આવી શકે એ વિચારીને સુપ્રીમ કોર્ટે કેસની વધુ સુનાવણી મંગળવારે રાખી છે. આ મામલે અરજદાર મહિલા તેના બાળક સાથે વિદેશ જવા માંગતી હોવાની રજૂઆત તેમના તરફથી ઉપસ્થિત સિનિયર એડવોકેટે કરી હોવાથી સુપ્રીમ કોર્ટ બંને પક્ષોને એકબીજા સાથે વાતચીત કરીને કોર્ટને આવતીકાલ મંગળવાર સુધી જવાબ આપવા કહ્યું છે.

### બાવળામાંથી મોટું રેકેટ ઝડપાયુ

# ડિગ્રી વિનાની નર્સે ૧૦-૧૦ હજારમાં અનેક મહિલાઓના ગર્ભપાત કર્યા

અમદાવાદ,તા.૨૭

બાવળામાં આવેલા પનામા ગેસ્ટ હાઉસની અંદર ગેરકાયદેસર ગર્ભપાત કરાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. અમદાવાદ ગ્રામ્ય જીઁર અને આરોગ્ય વિભાગની ટીમે દરોડા પાડીને આ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે મહિલા સાથે ગર્ભપાતમાં ઉપયોગમાં લેવામાં આવતી ટેબ્લેટ સાથે તાજુ ભ્રૂણ પણ મળી આવ્યું છે અને પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ ગ્રામ્ય પોલીસની ગિરફતમાં આવેલી મહિલાનું નામ હેમલતા દરજી છે. હેમલતા દરજી નર્સ છે અને તેણે પોતાની જાણકારીનો દુરુપયોગ કરીને રૂપિયાની લાલચમાં ગર્ભપાતનું કામ કરતી હતી. ગ્રામ્ય એસઓજીની ટીમને માહિતી મળી હતી કે બાવળામાં આવેલા પનામા ગેસ્ટ હાઉસમાં ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરવામાં આવે છે, જેથી આરોગ્ય ટીમને સાથે રાખીને ત્યાં દરોડા પાડવામાં આવતા બાવળાની પનામા ગેસ્ટ હાઉસની અંદર ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરાવતી એક નર્સ સાથે મહિલાઓ મળી આવી હતી.

મળતી માહિતી પ્રમાણે નર્સ હેમલતા દરજી બાવળા તેમજ ધોળકાની અલગ અલગ હોસ્પિટલની અંદર નર્સ તરીકે કામ કરી ચૂકી છે અને તેને ડોકટર સાથે કામ કરવાનો અનુભવ હોવાથી તેણે છેલ્લા બે ત્રણ વર્ષથી આ ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરવાનું શરૂ કર્યું હતું. આરોપી મહિલા પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવાનું પણ સામે આવ્યું, સાથે ગર્ભપાતની દવા આપીને ગર્ભપાત કરતી હોવાનું સામે આવ્યું છે. રૂપિયાની લાલચમાં તેણે એક મહિનાની અંદર બેથી ત્રણ મહિલાના ગર્ભપાત કરતી હોવાનું હાલ તપાસમાં સામે આવ્યું છે.

તપાસમાં સામે આવ્યું છે કે આરોપી હેમલતા દરજી દ્વારા પહેલા ગર્ભ નિરીક્ષણ કરવામાં આવતું હતું અને ગર્ભ નિરીક્ષણ દરમિયાન ગર્ભની અંદર બાળક છે કે બાળકી તે જાણ્યા બાદ આ ગર્ભપાત કરતી હોવાનું હાલ સામે આવ્યું છે. જોકે માત્ર પનામા ગેસ્ટ હાઉસ જ નહીં પરંતુ આ નર્સ મહિલા દર્દીના ઘરે તેમજ અલગ અલગ ગેસ્ટ હાઉસની અંદર જઈને પણ ગર્ભપાત કરાવતી હોય તેવું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આરોપી એક દર્દી પાસે ૧૦ હજાર કે તેથી વધારે રૂપિયા લેતી હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસ દ્વારા BNSની કલમ ૯૧,૯૨,૫૪,MTP એક્ટ ૧૯૭૧ સેક્શન ૫(૨) અને ૫(૩) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને હેમલતા દરજીની ધરપકડ કરવામાં આવી છે. સાથે જ આ સમગ્ર રેકેટમાં સામેલ લોકોની પણ ધરપકડ કરવામાં આવશે. મહિલા આરોપીએ અત્યાર સુધી કેટલા લોકોનું ગર્ભપાત કર્યું છે તે માહિતી પણ લેવામાં આવી રહી છે.

### રાષ્ટ્રીય ટીબી નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત

# લાઠી પંથકમાં આગામી ૧૦૦ દિવસ ટીબીનાં શંકાસ્પદ દર્દીઓ શોધવામાં આવશે

## એક્સ રે, ગળફા વિગેરેની તપાસ કરાશે



લાઠી,તા.૨૭

લાઠી તાલુકા આરોગ્ય કચેરી દ્વારા રાષ્ટ્રીય ટી બી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત આવતા ૧૦૦ દિવસમાં કેમ્પેન મોડમાં ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવા માટે કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા તમામ નાગરિકો, બીપી, ડાયાબિટીસ જેવા રોગના દર્દીઓ, તમાકુ અને આલ્કોહોલનું વ્યસન ધરાવતા લોકો, ઝૂંપડપટ્ટી કે ફેકટરી સાઈટ પર વસવાટ કરતા લોકો વગેરે ટીબી રોગ થવા માટે શંકાસ્પદ તમામની મુલાકાત કરી આરોગ્ય તપાસ, એક્સ રે અને ગળફાની લેબોરેટરી તપાસ કરી પોઝીટીવ દર્દીઓને સારવાર આપવામાં આવશે. જેના ભાગ રૂપે લાઠી તાલુકાના તમામ આરોગ્ય કર્મીઓની તાલીમ આરોગ્ય કચેરી ખાતે યોજાઈ હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર આર મકવાણા, નિમેશ મેશીયા, મોનિકા દેથળિયા, બાલમુકુંદ જાવિયાએ કાર્યક્રમના તમામ પાસાઓની તાલીમ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં આરોગ્ય તંત્રને સાથ સહકાર આપી ટીબી નિર્મૂલનમાં સહભાગી બનવા લોકોને અપીલ કરી હતી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વાવાઝોડાએ વિનાશ વેર્યો

હિંમતનગર, મોડાસા, તા.૨૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે આવેલા વાવાઝોડા બાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વ્યાપક અસર જોવા મળી હતી. સાબરકાંઠાના વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં જોરદાર આંધી સાથે ધૂળની ડમરીઓ ઉડવા માંડી હતી. જેના કારણે ઠેરઠેર વીજપોલ ધરાશયી થતાં વીજપુરવઠો બંધ થઈ ગયો હતો. અસહ્ય ઉકળટા અને બાફ વચ્ચે આખી રાત ઘરોમાં રાત વિતાવી હતી. વાવાઝોડા બાદ હિંમતનગર સહિત અનેક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. અચાનક શરૂ થયેલા વાવાઝોડાને કારણે અનેક ઠેકાણે લગભગ ૨૦૦થી વધુ વીજપોલ પડી ગયા હતા. જ્યારે પ્રાંતિજ તાલુકાના વદરાડ, પોગલુ, પલ્લાચર, રાસલોડ, પ્રાંતિજ સહિતના ગામડાઓમાં વાવાઝોડાને કારણે લગભગ ૫૦થી વધુ કાચા પાકા મકાનોનાં પતરાં ઉડી ગયા હોવાનું આધારભુત સૂત્રોમાંથી જણાવાયું છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે આવેલા વાવાઝોડા બાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વ્યાપક અસર જોવા મળી હતી. ભિલોડાના લીલછા ધોલવાણી રોડ પર વ્યાપક પ્રમાણે વૃક્ષો ધરાશાયી થયા હતા જ્યારે લીલછામાં વૃક્ષ પડતાં ગાયનું મોત થયું હતું. સાકરીયા ગામ સહિત સાકરીયા છાપરા તેમજ સોરાના છાપરા વિસ્તારમાં અનેક છાપરા ઉડ્યા હતા. સાથે સાથે ઘણા વીજપોલ પણ ધરાશાયી થયા હતા. જ્યારે ભારે પવનને કારણે પશુઓને બાંધવા શેડના પતરાં ૧૦ ફૂટ સુધી ઉડીને પડ્યા હતા. કિશનગઢ ગામે એક મકાનની દીવાલ પડવાની સાથે પતરા પણ ઉડ્યા હતા. મોડાસાના સાકરીયા ગામ સહિત સાકરીયા છાપરા તેમજ સોરાના છાપરા વિસ્તારમાં અનેક છાપરા ઉડ્યા હતા.

# કોરોનાના નવા વેરિયન્ટ્સ ચિંતાજનક નથી : ICMRના વડા

## આ ઉપરાંત આઈસીએમઆરનું રાષ્ટ્રવ્યાપી રેસ્પિરેટરી વાયરસ સેન્ટિનલ સર્વેલન્સ નેટવર્ક નવા ઈન્ફેક્શન્સ અને પેથોજન્સ પર નજર રાખી રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૭

દેશના કેટલાંક રાજ્યોમાં કોરોનાના કેસોમાં વધારો નોંધાયો છે. જોકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડિરેક્ટર જનરલ ડો. રાજીવ બહેલના જણાવ્યાં અનુસાર, અત્યારે કોરોનાના ચેપની તીવ્રતા અત્યંત મંદ હોવાથી તે ચિંતાજનક નથી. કોવિડના નવા વેરિયન્ટ્સ મળ્યાં હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ અને પશ્ચિમમાં નમૂનાના જીનોમ સિક્વન્સિંગમાં એ સ્પષ્ટ થયું છે કે, નવા વેરિયન્ટ્સ બહું ગંભીર નથી અને તે ઓમિક્રોનના પેટાવેરિયન્ટ્સ LF.7, XFG, JN.1 તથા NB. 1.8.1 છે. ઉપરોક્તમાંથી પહેલાં ત્રણ વેરિયન્ટ્સ વધુ જોવા મળી રહ્યાં હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, અન્ય સ્થળોએથી લવાયેલાં સેમ્પલ્સનું સિક્વન્સિંગ કરાઈ રહ્યું છે, જેના પરિણામો બાદ આપણને વધુ વેરિયન્ટ્સ છે કે નહીં તેની જાણ થશે. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાના કેસોમાં વધારાની શરૂઆત દક્ષિણમાં થઈ હતી. ત્યારબાદ પશ્ચિમમાં અને હવે ઉત્તર ભારતમાં કેસો વધ્યાં છે. આ તમામ કેસોનું ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (આઈડીએસપી) દ્વારા નિરીક્ષણ કરાઈ રહ્યું છે. આ ઉપરાંત આઈસીએમઆરનું રાષ્ટ્રવ્યાપી રેસ્પિરેટરી વાયરસ સેન્ટિનલ સર્વેલન્સ નેટવર્ક નવા ઈન્ફેક્શન્સ અને પેથોજન્સ પર નજર રાખી રહ્યું છે. અમે હાલમાં સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યાં છીએ. જોકે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. સામાન્ય લોકોએ થોડી સાવચેતી રાખવી જોઈએ. વિશ્વ આરોગ્ય સંસ્થા(હૂ)ના આંકડા પણ દર્શાવે છે કે, નવા વેરિયન્ટ્સથી ગંભીર બીમારી થતી નથી. લોકોએ ચિંતા કરવાની જરૂર નથી માત્ર સામાન્ય સાવચેતી રાખવી.

### મગફળીમાં સફેદ ધૈણના સંકલિત વ્યવસ્થાપન માટે

# વાવણી પહેલાં અને વાવણી સમયે સાવચેતી રાખવા અમરેલી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા અનુરોધ

અમરેલી, તા.૨૭

પ્લાન્ટ પ્રોટેક્શન એસોસિયેશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિગતોને આધારે અમરેલી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા મગફળીમાં સફેદ ધૈણના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. ઉનાળામાં ઉંડી ખેડ કરવી જેથી જમીનમાં રહેલ કોશેટા તથા સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત કીટકો (ઢાલિયા) બહાર આવવાથી સૂર્યતાપથી અથવા પર ભક્ષીઓથી તેનો નાશ થાય છે. સાંજના સમયે ખેતરના શેઢા પાળા પરના ઝાડને હલાવી તેના પર બેઠેલા ઢાલિયાને નીચે પાડી કેરોસીન વાળા વાસણમાં ભેગા કરી નાશ કરવો. ધૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમ્યાન પ્રકાશ પીંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગાં કરી તેનો નાશ કરવો. મુંડાના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે બ્યુવેરિયા બાસિયાના અથવા મેટારિઝિયમ એનિસોપ્લી ૧.૧૫ વેટેબલ પાઉડર (ન્યૂનતમ ૨૨૧૦૬ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા એરંડીના ખોળ (૩૦૦ કિ.ગ્રા/હે) સાથે જમીનમાં આપવાની ભલામણ છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખવું. ખેતરમાં પાક અવશેષોનું મલ્ચિંગ કરવું. મગફળી સાથે કપાસ, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકોને આંતરપાક તરીકે લેવા. જેમ કે, મગફળીની વેલડી જાતનું ૯૦ સે.મી.ના અંતરે વાવેતર કરી વચ્ચે સૂર્યમુખીની એક હાર કરવી અથવા આડી મગફળીના ઉભા પાકમાં છેલ્લી આંતરખેડ પછી તુવેરની મધ્યમ મોડી પાકતી જાત બીડીએન–૨ મગફળીની બે હાર વચ્ચે વાવવી. મુંડાના અસરકારક નિયંત્રણ માટે વાવેતર પહેલા ચાસમાં દીવેલીનો ખોળ ૫૦૦ કિ.ગ્રા./હે. પ્રમાણે આપવું. પાક વાવતી વખતે ચાસમાં કલોરપાયરિફોસ ૧૦જી હેકટરે ૧૦ થી ૧૫ કિ.ગ્રા. પ્રમાણે આપવું જરૂરિયાત ધ્યાને લઈ સફેદ ધૈણ–મૂંડાના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦% ઈ.સી. ૨૫ મી.લી. અથવા ફીપ્રોનીલ ૪૦% + ઈમીડાકલોપ્રીડ ૪૦% ડબલ્યુજી ૧ થી ૫ ગ્રામ અથવા કલોથીયાનીડીન ૫૦% ડબલ્યુડીજી ૪ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ દીઠ બીજને પટ આપી, બે ત્રણ કલાક બીજને છાંયડામાં સૂકવી પછી બીજનો વાવેતર માટે ઉપયોગ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા. આ અંગે વધુ વિગતો, જાણકારી અને માર્ગદર્શન માટે સંબંધિત વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી કે નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) અથવા નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભુજમાં રોડ શો યોજીને જાહેર સભા સંબોધી હતી

# PM મોદીનું ભવ્ય સ્વાગત, કચ્છની કળાઓથી સજ્જ' સિંદૂરી પાઘડી' અને રોગાન પેઇન્ટિંગ ભેટ અપાઇ

**તેમને કચ્છની વિવિધ કલાઓના સમન્વય સાથે તૈયાર કરવામાં આવેલ પાઘડી તેમજ GI ટેગ ધરાવતી રોગાન કલાની કૃતિ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું**

કચ્છ,તા.૨૭

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત કચ્છ આવેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભુજમાં રોડ શો યોજીને જાહેર સભા સંબોધી હતી. વડાપ્રધાનનું સ્વાગત કચ્છના રાજકીય પ્રતિનિધિઓએ કચ્છની વિવિધ કળાઓની કૃતિઓ આપીને કર્યું હતું. જેમાં તેમને કચ્છની વિવિધ કલાઓના સમન્વય સાથે તૈયાર કરવામાં આવેલ પાઘડી તેમજ GI ટેગ ધરાવતી રોગાન કલાની કૃતિ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કચ્છના લોકોએ ઉત્સાહપૂર્વક વધાવ્યું હતું. નરેન્દ્ર મોદીનું સ્વાગત કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી ધવલ આચાર્ય, દિલીપ શાહ સહિતના અગ્રણીઓએ રોગાન પેઈન્ટિંગની કૃતિ આપીને કર્યું હતું. આ રોગાન પેઈન્ટિંગ ભુજ તાલુકાના માધાપર ગામમાં રહેતા રોગાન કલાના કલાકાર આશિષ કંસારાએ બનાવ્યું હતું.

આશિષ કંસારાએ માહિતી અપાતા જણાવ્યું હતું કે, ૪૦૦ વર્ષ જૂની આ રોગાન કલાની આ પેઈન્ટિંગમાં ઓપરેશન સિંદૂર અને બ્રહ્મોસ મિસાઈલની પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. આ પેઈન્ટિંગ બનાવતા આશિષભાઈને ૩ દિવસ જેટલો સમય લાગ્યો હતો. આ પેઈન્ટિંગની સાઈઝ ૩ બાય ૨ ફૂટ હતી. રોગાન કલા કચ્છની બહુ જ પ્રસિદ્ધ કલા છે. ઉલ્લેખનીય છે કે, આશિષ કંસારાએ બનાવેલી શ્રી રાજા રામ દરબારની કૃતિ સ્મૃતિવનના ઉદ્ઘાટન વખતે નરેન્દ્ર મોદીને આપવામાં આવી હતી.

બીજી બાજુ ઓપરેશન સિંદૂરની સફળતામાં ભુજ આવેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કચ્છી કળાઓથી બનાવવામાં આવેલ પાઘડી અને ખેસથી સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં પાઘડીનો રંગ પણ સિંદૂર જેવો લાલ તથા તેમાં પણ તિરંગાની ઝલક દર્શાવવામાં આવી હતી. આ પાઘડી કચ્છના અલગ-અલગ સમાજના ભરતકામ ઉપરાંત આ પાઘડીને હાથવણાટથી તૈયાર કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ પણ કચ્છની કળાઓ અને કચ્છી કારીગરોની પ્રસંશા કરી હતી.

ભુજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અશોક હાથીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાઘડી તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ પાઘડી-ખેસ અંગેની વિગતો એવી છે કે તેમને પહેરાવવામાં આવેલ પાઘડી અને ખેસના રંગો તથા ડિઝાઈન તેમણે આપેલા અભિપ્રાય મુજબ તૈયાર કરવામાં આવ્યા હતા. ભુજોડીના હાથવણાટના વણકર કારીગર વિશ્રામ વાલજી વણકરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાઘડી ૩૬ કલાક સતત હાથવણાટથી કામ કરી તૈયાર કરવામાં આવી હતી.આ ઉપરાંત નરેન્દ્ર મોદીને પહેરાવવામાં આવેલ ખેસ પણ તિરંગાની થીમ પર તૈયાર કરવામાં આવ્યું હતું.આ તિરંગા ખેસને તૈયાર કરતા ૩૦ કલાકનો સમય લાગ્યો હતો. હાથવણાટની સાથે સાથે આ પાઘડીમાં કચ્છના વિવિધ સમાજની હસ્તકલાઓને પણ પાઘડીમાં સમાવી લેવામાં આવી હતી. નરેન્દ્ર મોદીની વિશિષ્ટ પાઘડીમાં નેણ ભરત, જત ભરત અને આહીર ભરતને પણ સમાવી લેવામાં આવી હતી.આ પાઘડીને કચ્છી દરબારના અજયસિંહ મહાવીરસિંહ જાડેજાએ પાઘડીનો શેપ આપ્યો હતો.

---

# વિદેશી વસ્તુઓના ત્યાગ કરવાની પીએમ મોદીની અપીલ

**ઓપરેશન સિંદૂર માત્ર ભારતીય સૈન્યની જવાબદારી નથી પણ ૧૪૦ કરોડ દેશવાસીઓએ પણ વ્યક્તિગત રીતે તેમાં સહયોગ આપવો પડશે**

ગાંધીનગર,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વિદેશી ચીજોનો ત્યાગ કરવાની અપીલ કરી છે. ગાંધીનગરમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા બાદ ઉપસ્થિત સમુદાયને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર માત્ર ભારતીય સૈન્યની જવાબદારી નથી પણ ૧૪૦ કરોડ દેશવાસીઓએ પણ વ્યક્તિગત રીતે તેમાં સહયોગ આપવો પડશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે તથા અર્થતંત્રને ચોથા ક્રમેથી ત્રીજા ક્રમે પહોંચાડવા માટે દરેક દેશવાસીએ પ્રયાસ કરવો પડશે અને તેની શરૂઆત વિદેશી ચીજોનો વપરાશ બંધ કરીને કરી શકાય. તેમણે જણાવ્યું કે, શહેરોમાં અને ગામોમાં વેપારીઓએ શપથ લેવા જોઈએ કે, વિદેશી ચીજોથી ભલે ગમે તેટલો નફો થાય તો પણ તેઓ તે વેચશે નહીં. આ સંદર્ભમાં વડાપ્રધાને કહ્યું કે, આપણા ગણેશજીની મૂર્તિ પણ વિદેશથી આવે છે, હોળીના રંગોની પીચકારી પણ વિદેશથી આવે છે, એ બધું બંધ થવું જોઈએ.

પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને મેડ ઈન ઈન્ડિયા ચીજો ઉપર ગર્વ કરવા હાકલ કરતા જણાવ્યું કે, તમારી પાસે હાલ જે વિદેશી વસ્તુઓ હોય તેને ફેંકવા માટે હું નથી કહેતો, પરંતુ હવે કશું નવું ખરીદો તો વિદેશી ચીજ ન ખરીદશો અને વોકલ ફૉર લોકલ બનજો. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, એકાદ-બે ટકા ચીજો જે ભારતમાં બનતી ન હોય તેની વાત અલગ છે, પરંતુ બાકીની મોટાભાગની ચીજો ભારતમાં બને જ છે અને દેશવાસીઓએ મેડ ઈન ઈન્ડિયા ચીજોનો આગ્રહ રાખવો જોઈએ.

---

### ગૌરવમય સફળતા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત માતૃભૂમિ પર

# ગુજરાત આવેલા પીએમ મોદીને રાજ્યપાલે રાષ્ટ્ર મંજૂષા ગ્રંથની ભેટ આપી

**રાષ્ટ્ર નિર્માણમાં તેમના અવિસ્મરણીય યોગદાન માટે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ રાજ્યપાલે વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, સ્વસ્થ આરોગ્ય અને રાષ્ટ્રસેવામાં સતત સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.**

ગાંધીનગર,તા.૨૭

ઓપરેશન સિંદૂરની ઐતિહાસિક અને ગૌરવમય સફળતા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત માતૃભૂમિ – ગુજરાત પધાર્યા હતા. ગાંધીનગરમાં રાજભવનમાં રાત્રિ વિશ્રામ કર્યા પછી આજે સવારે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભાવભીની વિદાય આપી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ ઐતિહાસિક વિજયના નાયક તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'રાષ્ટ્ર મંજૂષા' ગ્રંથની ભેટ આપી હતી અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના અવિસ્મરણીય યોગદાન માટે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ રાજ્યપાલે વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, સ્વસ્થ આરોગ્ય અને રાષ્ટ્રસેવામાં સતત સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાસ્વાગત સન્માનમાં યોજાયેલી સિંદૂર સન્માન યાત્રામાં હજારો મહિલાઓએ ઓપરેશન સિંદૂર બદલ વડાપ્રધાનનું સ્વાગત અભિવાદન કરી તેમને સહર્ષ આવકાર્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલી આ સન્માન યાત્રામાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય પ્રધાન સી.આર પાટીલ પણ જોડાયા હતા. રોડ શો સ્વરૂપની સિંદૂર સન્માન યાત્રાના રૂટ પર પ્રચંડ નારીશક્તિ, દેશભક્તિના ગીતો, રૂટ પર તિરંગો, વિવિધ ઝાંખીઓ, સાંસ્કૃતિક કૃતિઓ, ભારતીય સેનાના શસ્ત્રોની પ્રતિકૃતિઓએ વાતાવરણને ઊર્જાવાન અને મનમોહક બનાવી દેતા આ યાત્રા મહાઉત્સવમાં પરિણમી હતી. સ્વર્ણિમ પાર્ક એટલે કે અભિલેખાગારથી મહાત્મા મંદિર સુધી યોજાયેલા આ દોઢથી બે કિલોમીટરના રોડ શો દરમિયાન વડાપ્રધાનની એક ઝલક જોવા માટે નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

રોડ શોના રૂટ પર હજારો મહિલાઓએ પરંપરાગત પહેરવેશ,લાલ સાડી અને સિંદુરના શૃંગાર સાથે હાથમાં તિરંગો લઈને માં ભારતીનો જયઘોષ કરતાં વડાપ્રધાન મોદી પર પુષ્પવર્ષા કરી તેમનું સ્વાગત સન્માન કર્યું હતું. દેશભક્તિના ગીતોના સથવારે આગળ વધી રહેલ ઓપરેશન સિંદૂરના પ્રણેતા પર પુષ્પવર્ષા થકી રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિનો રંગ વધારે જોવા મળતો હતો. વડાપ્રધાનની એક ઝલક જોવા માટે અને ઓપરેશન સિંદૂર માટે આભાર અભિનંદન વ્યકત કરવા માટે ઉમટેલા શહેરીજનોનું અભિવાદન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝીલ્યું હતું.અંદાજે દોઢથી બે કિલોમીટરના ભવ્ય રોડ શોમાં વિવિધ ૧૫ સ્ટેજ પર દેશપ્રેમની થીમ આધારિત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતા હોર્ડિંગ્સ, તિરંગો, બ્રહ્મોસ મિસાઈલ અને રાફેલ વિમાનોના ટેબ્લો, દેશભક્તિના ગીતો, ભારતીય સેનાના શોર્યને બિરદાવતા પ્લે કાર્ડ/બેનરોના પરિણામે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રથમની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું. વિવિધ ધર્મ, સમાજ, વર્ગો તેમજ સંસ્થાઓના લોકો સાથે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પણ આ રોડ શોના સ્વાગત કાર્યક્રમમાં સહભાગી થયા હતા.આ રોડ શોમાં ઓપરેશન સિંદૂરની વિવિધ ઝાંખીઓ, વડાપ્રધાન મોદી અને ભારતીય સેનાના જવાનો સાથે તેજસ અને રાફેલ ફાઈટર પ્લેન તેમજ બ્રહ્મોસ મિસાઈલનું કટ આઉટ, સિંદૂર ભરેલો ઘડો, ઓપરેશન સિંદૂરની કેપ, શાસ્ત્રીય નૃત્યો, સ્વાતંત્ર્ય વીરોના પરિવેશ ધારણ કરીને આવેલા વડોદરાના કલાવૃંદો વગેરે આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. સિંદૂર સન્માન યાત્રામાં નારીશક્તિના વિવિધ સ્વરૂપના દર્શન થયા હતા. રોડ શો પૂર્ણ થયા બાદ લોકો દેશભક્તિના ગીતો પર ઝૂમી ઉઠ્યા હતા.

---

### અગસ્ત્યએ 'ધ આર્ચીઝ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ હતું

# અક્ષયની ભત્રીજી સિમર અગસ્ત્ય નંદા સાથે બ્લોકબસ્ટર ડેબ્યૂ કરશે

**અગસ્ત્ય નંદા અને સિમર ભાટિયા અભિનીત ફિલ્મ 'ઇક્કિસ' ભારતીય સેનાના બહાદુર લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની સત્ય ઘટના પર આધારિત છે**

મુંબઈ, તા.૨૭

અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા અને અક્ષય કુમારની ભત્રીજી સિમર ભાટિયા ખૂબ જ ટૂંક સમયમાં પહેલીવાર મોટા પડદા પર જોવા મળશે. તેમની ફિલ્મ 'ઈક્કિસ'ની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી. હવે આખરે ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી છે. આ સાથે, નિર્માતાઓએ ફિલ્મની વાર્તા વિશે થોડો સંકેત પણ આપ્યો છે.અગસ્ત્ય નંદા અને સિમર ભાટિયા અભિનીત ફિલ્મ 'ઈક્કિસ' ભારતીય સેનાના બહાદુર લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની સત્ય ઘટના પર આધારિત છે. આ ફિલ્મમાં ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તેમની બહાદુરી દર્શાવવામાં આવશે. અગસ્ત્ય અને સિમર ઉપરાંત, આ ફિલ્મમાં ધર્મેન્દ્ર અને જયદીપ અહલાવત જેવા મહાન કલાકારો પણ છે.'ઈક્કિસ'નું દિગ્દર્શન શ્રીરામ રાઘવન દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે અગાઉ 'બદલાપુર', 'અંધાધુન', 'એજન્ટ વિનોદ', 'જોની ગદ્દર' જેવી ફિલ્મો બનાવી છે. આ ફિલ્મ દિનેશ વિજનની 'મેડોક ફિલ્મ્સ' દ્વારા બનાવવામાં આવી છે. અગસ્ત્ય અને સિમરની ફિલ્મ 'ઈક્કિસ' ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.'ઈક્કીસ' ની વાર્તા સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની છે, જે ૧૯૭૧ ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં શહીદ થયા હતા. તેમને તેમની બહાદુરી માટે ભારત સરકાર દ્વારા પરમવીર



ચક્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. તેમને આ સન્માન માત્ર ૨૧ વર્ષની ઉંમરે મળ્યું, ત્યારબાદ તેઓ ભારતના સૌથી નાની ઉંમરના પરમવીર ચક્ર નાયક બન્યા.અગસ્ત્ય નંદાએ ૨૦૨૩ માં નેટફિલક્સ ફિલ્મ 'ધ આર્ચીઝ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ હતું. પરંતુ તેમની ફિલ્મને ઘણી ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. હવે અગસ્ત્ય પહેલીવાર ફિલ્મ 'ઈક્કિસ'માં મોટા પડદા પર જોવા મળશે. તેમની સાથે, ધર્મેન્દ્ર અને જયદીપ પણ ફિલ્મમાં હશે જેમની પાસેથી લોકોને પહેલેથી જ ઘણી અપેક્ષાઓ છે.ઉપરાંત, આ ફિલ્મ મેડોક ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી છે જેનો ટ્રેક રેકોર્ડ ફિલ્મોની વાર્તાની દ્રષ્ટિએ ખૂબ સારો રહ્યો છે. સિમર ભાટિયા પણ 'ઈક્કિસ' સાથે બોલિવૂડમાં પ્રવેશ કરવા જઈ રહી છે. તેણી ઘણીવાર તેના ફોટાઓથી સોશિયલ મીડિયા પર લોકો તરફથી પ્રશંસા મેળવે છે. હવે ચાહકો પહેલી વાર અગસ્ત્ય અને સિમરને મોટા પડદા પર અભિનય કરતા જોશે.

---

### UPI સંબંધિત મોટા ફેરફારો

# ૧ ઓગસ્ટથી મર્યાદા લાગુ થશે, કડક નિયમો સાથે પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરવાની રીત બદલાશે

**UPI એપ્સ પર વારંવાર બેલેન્સ ચેક કરવાની આદત હોય, તો અમે તમને જણાવી દઈએ કે ૧ ઓગસ્ટથી તમે દિવસમાં ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશો**

નવીદિલ્હી,તા.૨૭

UPI વપરાશકર્તાઓ હવે સાવધાન થઈ જજો. કારણકે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ની નવી માર્ગદર્શિકા અનુસાર, ૧ ઓગસ્ટથી UPI સંબંધિત મોટા ફેરફારો થવાના છે. જો તમે પણ PhonePe, Google Pay અને Paytm જેવી વિવિધ એપ્સ દ્વારા UPI નો ઉપયોગ કર્યો છે, તો હવે સૌથી વધુ ઉપયોગમાં લેવાતી કેટલીક સુવિધાઓ મર્યાદિત થવા જઈ રહી છે. વાસ્તવમાં, આ મર્યાદા તે સેવાઓ પર લાદવામાં આવશે જેનો ઉપયોગ લોકો ફોન એપ્સ દ્વારા વારંવાર કરે છે. આમાં બેલેન્સ ચેક કરવા, ઓટોપે કરવાની મંજૂરી આપવી, ટ્રાન્ઝેક્શન સ્ટેટસ જોવા વગેરે જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ પછી, UPI પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરવાની રીત નોંધપાત્ર રીતે બદલાઈ જશે.

NPCI સૌથી વધુ ઉપયોગમાં લેવાતી UPI સેવાઓ પર મર્યાદા લાદવા જઈ રહી છે જેથી UPI નેટવર્ક પર કોઈ બિનજરૂરી ભારણ ન પડે. તમને જણાવી દઈએ કે પરિપત્રમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે બેંકો અને ચુકવણી એપ્લિકેશનોએ ખાતરી કરવી પડશે કે દરેક છPI વિનંતીની ગતિ અને સંખ્યા મર્યાદિત છે. આમાં ગ્રાહકો અને સિસ્ટમ બંને દ્વારા કરવામાં આવેલી છPI વિનંતીઓનો સમાવેશ થશે. જો બેંકો કે એપ્સ આનું પાલન નહીં કરે, તો દ્રૃઁૈં તેમની સામે કડક કાર્યવાહી કરી શકે છે.જો તમન UPI એપ્સ પર વારંવાર બેલેન્સ ચેક કરવાની આદત હોય, તો અમે તમને જણાવી દઈએ કે ૧ ઓગસ્ટથી તમે દિવસમાં ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશો .

આ અંગે, Ezeepay ના ચીફ ઓપરેટિંગ ઓફિસર મુશર્રફ હુસૈને જણાવ્યું હતું કે ''આ નિયમ વેપારીઓને થોડી અસુવિધા પહોંચાડી શકે છે, પરંતુ તેનો હેતુ UPI નેટવર્કને સ્થિર અને દરેક માટે ઉપલબ્ધ રાખવાનો છે.'' તેમણે સ્પષ્ટતા કરી કે વારંવાર બેલેન્સ ચેક કરવાથી UPI નેટવર્ક પર ઘણું દબાણ આવે છે. આના કારણે UPI સિસ્ટમ ક્રેશ થવા જેવી સમસ્યાઓ ઘણી વખત જોવા મળી હતી.દ્રૃઁૈં એ આદેશ આપ્યો છે કે પીક અવર્સ દરમિયાન એટલે કે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી બેલેન્સ ચેક કરવાની સુવિધા પ્રતિબંધિત અથવા બ્લોક કરવામાં આવશે.

ઉપરાંત, હવે બેંકોએ દરેક વ્યવહાર પછી ગ્રાહકોને બેલેન્સની માહિતી આપવી પડશે. એવી અપેક્ષા છે કે આનાથી બેલેન્સ ચેક કરવાનું ઓછું થશે.આ ફેરફારોમાં, ઓટો પેમેન્ટ પર પણ સમય મર્યાદા લાદવામાં આવશે. જે લોકો Nªflix, SIP અથવા અન્ય સેવાઓ માટે UPI ઓટોપેનો ઉપયોગ કરે છે, તેમના માટે હવે ફક્ત નોન-પીક અવર્સ દરમિયાન જ ઓથોરાઈઝેશન અને ડેબિટ પ્રોસેસિંગ શક્ય બનશે. કૃપા કરીને નોંધ લો કે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીનો સમય પીક અવર્સ તરીકે ગણવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન આ મર્યાદા લાગુ રહેશે. આ સમય દરમિયાન, ગ્રાહકો દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતી બેક-એન્ડ પ્રક્રિયાઓ અને સેવાઓ પર મર્યાદાઓ અને નિયંત્રણો રહેશે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી UPI ક્રેશ થવાની ઘટનાઓ વારંવાર નોંધાઈ રહી છે. આ પછી, UPI સેવાના ઉપયોગ પર અમુક લઘુત્તમ ચાર્જ વસૂલવાની માંગ પણ કરવામાં આવી હતી જેથી UPI ના માળખાગત સુવિધામાં સુધારો થઈ શકે. જોકે, હવે કોઈપણ ચાર્જને બદલે, પીક અવર્સ દરમિયાન એક મર્યાદા લાગુ કરવામાં આવશે.

---

### યશવંતપુરા અને યેલ્લાપુરના ધારાસભ્યને ભાજપમાંથી હાંકી કઢાયા

# ભાજપના બે ધારાસભ્યોને તાત્કાલિક અસરથી છ વર્ષ માટે કરાયા સસ્પેન્ડ

**ભાજપની કેન્દ્રીય શિસ્ત સમિતિના સભ્ય સચિવ ઓમ પાઠકે શિવરામ હેબ્બારને પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા**

નવીદિલ્હી,તા.૨૭

કર્ણાટકના બે ધારાસભ્યો સામે અનેક એફઆઈઆર, ક્રોસ વોટિંગ અને પક્ષ વિરોધી પ્રવૃત્તિની ઘટના સામે આવ્યા બાદ ભાજપે મોટી કાર્યવાહી કરી છે. પાર્ટીએ પક્ષ વિરોધી પ્રવત્તિઓ કરનારા બંને ધારાસભ્યોને પક્ષમાંથી છ વર્ષ માટે હાંકી કાઢ્યા છે. એટલું જ નહીં બંનેને પાર્ટીના તમામ પદો પરથી દૂર કરવામાં આવ્યા છે.

ભાજપ કર્ણાટક એકમના અધ્યક્ષ બી.વાઈ.વિજયેન્દ્રએ કહ્યું કે, 'ભાજપના હાઈકમાન્ડ સાથે વાતચીત કર્યા બાદ યશવંતપુરાના ધારાસભ્ય એસ.ટી.સોમશેખરઅને યેલ્લાપુરના ધારાસભ્ય એ.શિવરામ હેબ્બારે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ભાજપમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાની સાથે તેઓને તમામ પદો પરથી હટાવી દેવાયા છે.

ભાજપની કેન્દ્રીય શિસ્ત સમિતિના સભ્ય સચિવ ઓમ પાઠકે શિવરામ હેબ્બારને પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા હોવાનો સત્તાવાર પત્ર પાઠવ્યો છે. હેબ્બારે પાર્ટી શિસ્તનું વારંવાર ઉલ્લંઘન કર્યુ છે, જેના કારણે આ કાર્યવાહી કરી હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. પત્રમાં લખાયું છે કે, તમને પ્રાથમિક સભ્યપદેથી તાત્કાલીક છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે અને તમને પાર્ટીના તમામ પદો પરથી હટાવી દેવાયા છે.

સોમશેખર અને હેબ્બાર પર અનેક એફઆઈઆર નોંધાયેલી છે અને તેની તપાસ પણ કરવામાં આવી છે. માર્ચ ૨૦૨૪માં રાજ્યસભાની ચૂંટણી યોજાઈ હતી, જેમાં સોમશેખરે પાર્ટી વ્હિપનું ઉલ્લંઘન કરી કોંગ્રેસ ઉમેદવાર અજય માકન માટે ક્રોસ વોટિંગ કર્યુ હતું, જ્યારે હેબ્બાર મતદાન કરવાથી દૂર રહ્યા હતા. બંને ધારાસભ્યોની આ પ્રવૃત્તિને ભાજપના આંતરિક વિદ્રોહ તરીકે જોવાઈ છે, જેને લઈને પાર્ટીએ આ કાર્યવાહી કરી છે.

---

### દેશમાં ૧૬ વર્ષ બાદ બેઠું વહેલું ચોમાસું

# ગુજરાતમાં ચોમાસું શરૂ થવાની તારીખ નજીક

**આ વર્ષે ગુજરાતમાં ૨૯ મે સુધીમાં વરસાદનું આગમન થઈ જશે આ ફેરફારો પાછળનું કારણ અરેબિયન સમુદ્રમાં સર્જાયેલ સિસ્ટમ હોય શકે છે**

અમદાવાદ,તા.૨૭

ભારતીય હવામાન વિભાગની માહિતી અનુસાર આ વર્ષે ચોમાસું વહેલું આવશે તેમ જણાવવામાં આવ્યું હતું, જે હવે યતાર્થ થઈ રહ્યું છે. અગાઉ થયેલી આગાહીમાં હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જૂનના મધ્યમમાં ગુજરાતમાં ચોમાસાનું આગમન થશે, જોકે હવે આ તારીખ વધુ નજીક આવી ગઈ છે.

IMD દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, આ વર્ષે ગુજરાતમાં ૨૯ મે સુધીમાં વરસાદનું આગમન થઈ જશે. આ ફેરફારો પાછળનું કારણ અરેબિયન સમુદ્રમાં સર્જાયેલ સિસ્ટમ હોય શકે છે.

તમને જણાવી દઈએ કે, ભારતમાં ચોમાસાની શરૂઆત કેરળથી થાય છે, જ્યાં આગાઉના ડેટા અનુસાર ચોમાસું ૧ જૂનથી શરૂ થવાનું હતું. જોકે કેરળમાં ૧૦ થી ૨૩ મે વચ્ચે જ વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. પરિણામે આ વરસાદી વાદળો આગળ વધતા કર્ણાટક બાદ મહારાષ્ટ્રમાં જે ૧૦ જૂનના આસપાસ પહોંચવાના હતા, તે હવે ૨૬ મે એ જ પહોંચી ગયા હતા. પરિણામે મહારાષ્ટ્રમાં પણ વહેલા વરસાદની શરૂઆત થઈ છે. હવે આ વાદળો ગુજરાત સુધી ૨૯ મે સુધી પહોંચશે જેથી ગુજરાતમાં વહેલું ચોમાસું શરૂ થશે. હમણાં સુધીમાં દેશના કેરળ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ રાજ્યોમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે આ પ્રકારે વહેલું ચોમાસું બેસવાની સ્થિતિ લગભગ ૧૬ વર્ષ બાદ ફરી સર્જાઈ રહી છે. જેમાં કહી શકાય કે, ૧૬ વર્ષ બાદ ચોમાસાનું વહેલું આગમન થયું છે. આ પહેલા વર્ષ ૨૦૦૯માં ૨૩ મે એ ચોમાસું વહેલું બેઠું હતું.

જાણવા જેવી બાબત એ છે કે, આગની ૩૦ જૂન સુધી સમગ્ર દેશમાં ચોમાસાનું આગમન થઈ જશે. જેમાં છેલ્લે દક્ષિણ ભારતથી વરસાદી વાદળો આગળ વધુ ઉત્તર તરફ જતાં અંતે ૩૦ જૂન સુધી જમ્મુ અને કાશ્મીરમાં પણ ચોમાસાની શરૂઆત થશે. જોકે ચાર મહિના સુધી ચાલનારી આ ચોમાસાની ઋતુ આ વર્ષે વહેલા શરૂ થતાં વહેલા સમાપ્ત થશે કે શું, તેવી પણ ચર્ચા થઈ રહી છે.

---

### ગાંધીનગરમાં શહેરી વિકાસ કાર્યક્રમાં હાજરી

# વડાપ્રધાનના હસ્તે ૫૫૩૬ કરોડના ૨૭ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને આયોજિત ૨૦ વર્ષ શહેરી વિકાસના કાર્યક્રમ યોજાયો હતો**

ગાંધીનગર,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતની મુલાકાતના બીજા દિવસે તેમણે ગાંધીનગરમાં હસ્તે રૂ.૫૫૩૬ કરોડના વિવિધ ૨૭ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કરાયા હતા. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આયોજિત ૨૦ વર્ષ શહેરી વિકાસના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા હતા. તેમના હસ્તે રૂ.૧૮૫૯ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂ.૩૬૭૭ કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત થયા હતા.

૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૨૭૩૧ કરોડના ચેક અપાયા:વિવિધ કાર્યક્રમોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧૦૦૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨૨ હજારથી વધુ રહેણાંક એકમોનું લોકાર્પણ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૨૭૩૧ કરોડ અને ૧૪૯ મ્યુનિસિપાલિટીને રૂ. ૫૬૯ કરોડના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ, જામનગર, સુરત સહિતના પ્રકલ્પો લોકાર્પિતઃ અમદાવાદ ખાતે રૂ. ૧ હજાર કરોડના ખર્ચેબનનારા સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ નું ખાતમુહૂર્ત પણ થયું હતું. આ ઉપરાંત, શહેરી વિકાસ વિભાગ હેઠળ જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જૂનાગઢના કુલ રૂ.૧૪૪૭ કરોડના અલગ અલગ પ્રકલ્પો પણ લોકાર્પિત કરાયા હતા.

જળ સંશોધનના ૧૮૬૦ કરોડના કામો:જળ સંસાધન વિભાગ હેઠળ રૂ. ૧૮૬૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ, સુરતના કાંકરા-ખાડીના કિનારે રૂ. ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા બાયોડાયવર્સિટી પાર્કનું લોકાર્પણ થયું હતું, જ્યારે માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૧૭૦ કરોડના પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ કરાયો હતો. બનાસકાંઠામાં રૂ. ૮૮૮ કરોડના ખર્ચે બનનારી થરાદ ધાનેરા પાઈપલાઈન, રૂ.૬૭૮ કરોડના ખર્ચે દિયોદર લાખણી પાઈપલાઈનનું ખાતમુહૂર્ત કરાયા હતા.

યુ.એન. મહેતા કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરઃ ગાંધીનગરમાં રૂ. ૮૪ કરોડના ખર્ચે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ, અમદાવાદમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે ૧૮૦૦ બેડ ધરાવતા IPD સાથે ૫૦૦ બેડની સુવિધા સાથેના ચેપી રોગ માટેના OPD બ્લોકનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે

---

### સરકારે તૈયાર કર્યો ૪૪૦૦૦ કરોડનો પ્લાન

# આકાશ જ નહિ હવે પાણીથી પણ ભારત પર હુમલો કરવો મુશ્કેલ

**સમુદ્રમાં છુપાયેલા લેન્ડમાઇન્સને શોધી કાઢવા અને તેનો નાશ કરવા માટે ૧૨ ખાસ યુદ્ધ જહાજો બનાવવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૭

ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેના અને સેનાની શક્તિ આખી દુનિયાએ જોઈ છે. ભારતીય વાયુ સંરક્ષણ પ્રણાલીએ આકાશમાં દુશ્મન દેશના મિસાઈલો અને ડ્રોનને કેવી રીતે તોડી પાડ્યા. વાયુસેનાને મજબૂત બનાવવાની સાથે, સરકાર નૌકાદળને પણ મજબૂત બનાવવાની તૈયારી કરી રહી છે. આ માટે, ભારત સરકારે ૪૪૦૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવી છે, જે હેઠળ સમુદ્રમાં છુપાયેલા લેન્ડમાઈન્સને શોધી કાઢવા અને તેનો નાશ કરવા માટે ૧૨ ખાસ યુદ્ધ જહાજો બનાવવામાં આવશે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે લાંબા સમયથી અટકેલા પ્રોજેકટને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ ૧૨ માઈન કાઉન્ટરમેઝર વેસલ્સ ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવશે, જે સમુદ્રમાં દુશ્મનો દ્વારા બિછાવેલા લેન્ડમાઈન્સને શોધીને તેનો નાશ કરશે. આ યુદ્ધ જહાજોની કિંમત લગભગ ૪૪,૦૦૦ કરોડ રૂપિયા હશે અને તે ફકત ભારતીય શિપયાર્ડમાં જ બનાવવામાં આવશે.

ભારતીય નૌકાદળ પાસે હાલમાં એક પણ MCMV નથી. અગાઉ તેની પાસે કેટલાક કરવાર-કલાસ અને પોંડિચેરી-કલાસ માઈનસ્વીપર્સ હતા, જે ઘણા વર્ષો પહેલા નિવૃત્ત થઈ ગયા હતા. હાલમાં, નૌકાદળ કેટલાક જહાજો પર સ્થાપિત ક્લિપ-ઓન માઈન કાઉન્ટરમેઝર સ્યુટ્સથી કામ ચલાવી રહ્યું છે, જે ૭,૫૧૬ કિમી લાંબા દરિયાકાંઠા અને ૧૩ મુખ્ય અને ૨૦૦ નાના બંદરોને સુરક્ષિત રાખવા માટે પૂરતા નથી. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેકટ ટૂંક સમયમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતા હેઠળની સંરક્ષણ સંપાદન પરિષદ સમક્ષ આવશ્યકતાની સ્વીકૃતિ માટે મૂકવામાં આવશે. આ પછી, ભારતીય શિપયાર્ડ્સ પાસેથી ટેક્નો-કોમર્શિયલ બિડ્સ આમંત્રિત કરવામાં આવશે. કરાર પર હસ્તાક્ષર થયા પછી, પ્રથમ MCMV તૈયાર થવામાં ૭-૮ વર્ષ લાગી શકે છે.

ચીન અને પાકિસ્તાન તરફથી વધતા દરિયાઈ ખતરાને ધ્યાનમાં રાખીને આ પ્રોજેકટ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. ચીની સબમરીન અને પાકિસ્તાનની નવી યુઆન-કલાસ ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન ભારતને નુકસાન પહોંચાડી શકશે નહીં. આ માટે, તેમનું નિર્માણ જરૂરી છે. આ પગલાથી નૌકાદળની તાકાત વધશે અને મેક ઈન ઈન્ડિયાને પણ વેગ મળશે.

# બાબરા સામાજિક વનીકરણ રેન્જ દ્વારા પ્લાસ્ટિકનું પ્રદૂષણ અટકાવવા માટે જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી







વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫અંતર્ગતસમગ્રઅમરેલીજિલ્લામાં તા. ૨૨મેં ૨૦૨૫ થી તા. ૫ જૂન ૨૦૨૫ સુધી "Ending Plastic Pollution Globally"થીમલોકજાગૃતિનાઅનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાંસામાજીકવનીકરણવિભાગના પ્રયાસોથીગ્રામ્યવિસ્તારોમાંપ્લાસ્ટિકવેસ્ટ (કચરો) એકઠો કરવાનુંઅભિયાનશરૂ છે. બાબરા સામાજક વનીકરણ રેન્જ ધ્વારા બાબરાગ્રામ્યવિસ્તારઅનેવડલીવાળાશ્રી મેલડી માતા મંદિર પરિસર અને તેની આસપાસનાવિસ્તારમાં'પ્લાસ્ટિકફ્રીકેમ્પસ ડ્રાઈવ'અંતર્ગતકચરોએકઠોકરવામાંઆવ્યો હતો. બાબરા સામાજીક વનીકરણ રેન્જ ધ્વારાબાબરાનીસામાજીકવનીકરણરેન્જ સહિતનાવિવિધવિસ્તારોમાંવનવિભાગના કર્મચારીઓધ્વારાપ્લાસ્ટિકવેસ્ટએકત્રકરીને તેનોનિકાલકરવાનીકામગીરીહાથધરવામાં આવીહતી. સ્વચ્છતા જાળવવા અને પાણી બચાવવા ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી પર્યાવરણની જાળવણી કરવા અંગે જનજાગૃતિ પ્રસરાવવામાં આવી હતી.

## ૨૧ જેટલી બોટલ હાથ લાગી
## અમરેલીમાં રહેતા ૨ ઈસમો પાસેથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ
### પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૭

અમરેલીના હાઉસીંગ બોર્ડ સોસાયટી ગોપી ટોકીઝ સામે રહેતા વૈભવભાઇ તથા અમરેલીના હનુમાનપરા, શેરી નં. ૬, અક્ષરપાર્ક બ્લોક નં. ૬માં રહેતા પ્રશાંતભાઇ માંડલીયા નામના બન્ને આરોપી પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨ લીટરની પ્લાસ્ટીકની બોટલ નંગ–૫ જેની કિંમત રૂપિયા ૬૭૫૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨ લીટરની પ્લાટીકની બોટલ નંગ–૩ જેની કિંમત રૂા. ૫૮૫૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ મીલીની કાચની બોટલ નંગ–૧૩ જેની કિંમત રૂપિયા ૯૭૫ તથા મોબાઈલફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨૩,૫૭૫ ના મુદ્દામાલ સાથે બન્ને પકડાઇ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદનાં દરિયામાં બોટ ફિશિંગ**

ગાંધીનગર દ્વારા ફિશિંગ કરવા ગયેલી બોટોને પરત દરિયાઈ સિમાની અંદરથી બોલાવી કાંઠે સુરક્ષિત લંગારવા આદેશ કર્યો હોવા છતાંય અને ૧ જૂનથી માચ્છીમારી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોય ટુંકા દિવસો ૪ થી ૫ દિવસમાં માચ્છીમારી સીઝન પૂર્ણ થવાનાં આરે હોય એમાં પણ હવામાન વિભાગની આગાહી દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી હોવા છતાં અમુક બોટ માલિકો મચ્છી મેળવી લેવાની લાલચે સરકારના પરિપત્રો અને ફિશરીઝ કચેરીના અધિકારીની સુચનાઓના ધજાગરા ઉડાવીને કાયદા નિયમોની ઐસીતૈસી કરી પોતાની મનમાની કરી દરિયાઈ સીમમાં મોકલી દેવામાં આવે છે. હાલમાં કેટલીક બોટો ફિશિંગ કરવા ટોકન લીધા વિના અને તંત્રની પરવા કર્યા વિના બોટ અને તેમાં રહેલા ટંડેલ ખલાસીઓની જીંદગી જોખમાઈ તે રીતે દરિયાઈ માચ્છીમારી કરવા ધકેલી રહ્યા છે. જાફરાબાદ બંદરથી અમુક બોટોને મધદરિયે માચ્છીમારી કરવા અંધારામાં મોકલી દેવામાં આવી હતી તે બોટો ૧૦ થી ૧૨ માઈલ દૂર મધદરિયે પહોંચતા આંધી તુફાન અને ધોધમાર વરસાદ વરસતા મધદરિયેથી બોટો ટંડેલ ખલાસીઓ દ્વારા પાછી ફેરવી લેવામાં આવી હતી. પરંતુ પવનના કારણે અને ધોધમાર વરસાદ વરસતા મહામુસીબતે ધીમે ધીમે બંદર તરફ ફર્યો હતા. દરિયો એકદમ રફ હોવા છતાં મચ્છી મેળવવાની લાલચે ખલાસીઓની જાનમાલની ચિંતા કર્યા વિના જીંદગી જોખમમાં મૂકી રહ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૪૯ |
| ૨ | મગફળી | ૧૦૨૬ | ૧૦૨૬ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૮૪ |
| ૪ | જુવાર સફેદ | ૭૪૧ | ૭૪૧ |
| ૫ | સોયાબીન | ૭૭૫ | ૭૮૬ |
| ૬ | મેથી | ૮૧૩ | ૮૧૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૬ | ૧૦૩૦ |
| ૨ | શિંગ મોટી | ૭૮૦ | ૧૦૬૬ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૩૩૦ | ૨૩૭૫ |
| ૬ | તલ કાળા | ૨૪૫૦ | ૩૮૭૦ |
| ૭ | બાજરો | ૪૧૮ | ૫૩૨ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૬૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૦૫ | ૫૯૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૧ |
| ૧૧ | મગ | ૧૧૩૫ | ૧૫૯૬ |
| ૧૨ | અડદ | ૫૦૦ | ૧૩૨૫ |
| ૧૩ | ચણા | ૮૮૮ | ૧૦૮૩ |
| ૧૪ | ચણા સફેદ | ૯૯૬ | ૧૧૦૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૧૬ | તુવેર | ૭૦૦ | ૧૩૨૩ |
| ૧૭ | કપાસ | ૮૫૪ | ૧૫૫૦ |
| ૧૮ | એરંડા | ૧૦૧૫ | ૧૨૧૭ |
| ૧૯ | જીરૂ | ૧૬૦૦ | ૩૮૨૦ |
| ૨૦ | રાય | ૧૦૫૫ | ૧૦૯૮ |
| ૨૧ | ધાણા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| ૨૨ | ધાણી | ૧૦૫૬ | ૧૩૨૮ |
| ૨૩ | મેથી | ૬૫૦ | ૮૮૧ |
| ૨૪ | સોયાબીન | ૫૭૦ | ૮૧૦ |
| ૨૫ | કાંગ | ૩૯૫ | ૫૦૦ |

## આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શનતળે
## આંબરડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા થોરડી ખાતે રકતદાન કેમ્પ યોજાયો
### વેદ વોલેન્ટરી બ્લડ સેન્ટરે કર્યો સહયોગ


તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી



આંબરડી, તા. ૨૭

શ્રી વેદ વોલેન્ટરી બ્લડ સેન્ટર, દ્વારા આંબરડી PHC અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર થોરડી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોશી અને તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ થોરડી ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૩૬ બોટલનું કલેકશન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુના ગામના રકતદાતાઓએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી. જેમાં આંબરડી PHC મેડિકલ ઓફિસર ડો. નીતિન રામપ્રસાદી તેમજ થોરડી ગામના C.H.O નીરવભાઈ મહેતા તેમજ MPHW ભવદીપભાઈ જોશી, MPHS આંબરડી તેમજ ગામના આગેવાનો, PHC આંબરડીના તમામ સ્ટાફના સહયોગથી આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. વેદ વોલેન્ટરી બ્લડ સેન્ટર, અમરેલીના ડિરેકટર લલિતભાઈ ઠુમ્મર દ્વારા રકતદાતાઓને આકર્ષક ગિફટ પણ આપવામાં આવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૪૯૦ |
| ૩ | ચણા | ૯૭૬ | ૧૦૫૦ |
| ૪ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | એરંડા | ૯૫૦ | ૧૧૯૦ |
| ૬ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૭ | શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૦૫ |
| ૮ | મેથી | ૭૫૦ | ૭૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| ૩ | શીંગ નવી | ૯૮૦ | ૧૧૫૧ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૨૧ | ૨૪૨૫ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૯૪૦ |
| ૭ | જીરૂ | ૩૫૦૦ | ૩૯૨૧ |
| ૮ | કપાસ | ૧૨૭૫ | ૧૪૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૧૦ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૭૩૦ |
| ૧૩ | મકાઈ | ૩૦૦ | ૫૫૦ |
| ૧૪ | મગ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૬૦ | ૧૦૯૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૧૨ |
| ૧૭ | તુવેર | ૧૧૦૦ | ૧૩૫૪ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૧૯ | મેથી | ૮૫૦ | ૧૦૦૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૨૧ | સોયાબીન | ૭૨૦ | ૭૬૦ |

## વ્યાસ પરિવાર દ્વારા પરંપરા મુજબ
## સાવરકુંડલામાં સ્વજનનાં અવસાન બાદ ચક્ષુદાન અને રકતદાન શિબિર
### સમાજસેવા માટે પ્રેરણાદાયી કાર્ય



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાના ભાનુશંકરભાઈ ટી. વ્યાસ (મહેશ ટોકીઝ વાળા)ના પરિવારમાં જયારે પણ કોઈ સ્વજનનું અવસાન થાય છે. ત્યારે સ્વર્ગસ્થનું ચક્ષુદાન અને ત્યારબાદ શ્રદ્ધાંજલિ રૂપે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. થોડા દિવસો પહેલા યશપાલભાઈ વ્યાસ (પત્રકાર)ના માતૃ સરોજબેન પ્રમોદભાઈ વ્યાસનું અવસાન થતા વ્યાસ પરિવાર દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરીને અંધજનોના જીવનમાં રોશની લાવવાનો ઉમદા નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્વ.ની ઉત્તરક્રિયાના દિવસે લોકોને કટોકટીના સમયમાં અતિ ઉપયોગી થાય તે હેતુથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિવારના સભ્યો ઉપરાંત સ્નેહીજનો દ્વારા રકતદાન કરી સદગતને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ચક્ષુદાન અને રકતદાન કેમ્પ દ્વારા વ્યાસ પરિવાર દ્વારા પૂર્વેથી ચાલી આવતી પરંપરા જાળવી રાખી સમાજ માટે પ્રેરણાદાયી કાર્ય કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લાલાવદરને બદનામ કરવાનો**

ખેતરમાં નાખવા ૬૦/૪૦% યોજના હેઠળ રજૂઆત આવેલ.

અમરેલી ખીજડીયા રેલ્વે લાઈનના કામમાં કરવામાં આવેલ એગ્રીમેન્ટની શરતોને આધિન માટી કામ માટે મંજૂરી આપવામાં આવેલ હતી તથા સદભાવન ફાઉન્ડેશન દ્વારા કમોસમી વરસાદને ધ્યાને લઈ માટી ઉપાડવાની સંપૂર્ણ કામગીરી સ્થગિત કરેલ જે પૈકી તેઓને કોઈ ચૂકવણું કરેલ નથી તેમજ ખેડૂતો દ્વારા કોઈ માટી નાખવામાં આવેલ નથી. આમ, કુલ ૧.૭૦ લાખ ચો.મી ક્ષેત્રફળ ધરાવતું લાલાવદર વી.ટી પૈકી સંપૂર્ણ તળાવ ફરતે પાળાની ટો લાઈન થી દૂર તાંત્રિક મંજૂરી અપાયેલ હોય તેમજ અલગ અલગ બોરો એરિયામાં મંજૂરી અપાયેલ હોય, જાણી જોઈને સુજલામ સુફલામ હેઠળ લાભ લેવા માંગતા લાલાવદરના ખેડૂતોને બદનામ કરવા તેમજ રેલ્વેના કોન્ટ્રાકટરને પ્રેસમાં નેગેટિવ રીતે પ્રસ્થાપિત કરીને કટકી કરવામાં બદઈરાદા સાથે પોતાને બધી ખબર પડતી હોય તેમ પ્રેસના માધ્યમથી શેખી મારતા અને પોતાની વાહવાહી થકી બની બેઠેલા નેતા ખુદ સરકારના ઠરાવ તથા નિયમોથી અજાણ હોય અહીં કોણ કોને સમજાવે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહિ કરનાર **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી (૧) ભરતભાઈ પ્રવિણભાઈ કારીયા (૨) હસમુખભાઈ પ્રવિણભાઈ કારીયા બન્ને રે. બાબરા વાળાની સુચના અનુસાર લાગતા વળતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે,

અમારા અસીલશ્રીએ અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાના મોજે – બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં લોહાણા મહાજન વાડી પાસે નદી કાંઠે આવેલ 'રઘુવિર કોમ્પ્લેક્ષ' નામે ઓળખાતી દુકાનો પૈકી દુકાન નં–૦૩ જેના કુલ જમીન ચો.મી. ૧૧–૭૦–૫૮ ની ફકત ગ્રાઉન્ડ ફલોરના હક્કની દુકાન જેના સીટીસર્વે નં–૨૯૮૬ છે, અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાનાં આકારણી અનુક્રમ નંબર/ટેનામેન્ટ નં– ૧૦૦૩૬૪૯૦ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલશ્રીએ રજી.વેચાણ દસ્તાવેજ નં–૬૩૨/૨૦૦૮થી શ્રી પ્રભુદાસભાઈ મગનલાલ કારીયા પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલશ્રી આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.–બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે. અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી/ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હક્ક–હિસ્સો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭(સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત પુર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહી અને તેમણે પોતાના તમામ હક્ક –હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા ચાલશે નહી, અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૭/૦૫/૨૦૨૫
સ્થળ : બાબરા
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વર મંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૨૭ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૭ | ૫૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૮ | ૫૪૦ |
| ૪ | કાંગ | ૩૦૦ | ૩૫૫ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૭૧ |
| ૬ | જુવાર | ૩૫૫ | ૩૫૫ |
| ૭ | શીંગદાણા | ૧૦૯૦ | ૧૩૧૦ |
| ૮ | મગફળી | ૮૫૫ | ૮૯૦ |
| ૯ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં જાહેર મુતરડીઓની**

સંકલ્પની સામે સમાજના વિવિધ સંસ્થાઓ તેમજ આમ નાગરિકે સુદ્રઢ નિર્ધાર અને મક્કમ મનોબળ સાથે પૃથ્વી માતા ઉપર થતાં નુકશાનરૂપ ગંદા સડાને દૂર કરવાનાં અભિયાનને ઠેકઠેકાણે સારો પ્રતિસાદ મળે છે. સ્વચ્છતા માટે સરકાર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પ્રયત્નશીલ છે. છતાં પણ હજુ કોઈને કોઈ રીતે સરકારે નક્કી કરેલાં નિયમોનો ઉલાળીયો થતો હોવાનું જોવા મળે છે. સમગ્ર દેશને સિંગલ પ્લાસ્ટિક યુકત (પ્રતિબંધ જાહેર કરેલ.)ની જાહેરાતના ધજાગરા થાય છે. દામનગરમાં જાહેર મુતરડીઓની આસપાસ અને અંદરનાં ભાગમાં આરોગ્યને હાનિકારક પ્લાસ્ટિકના છૂટાં છવાયી પ્લાસ્ટિક અને ખાલી કોથળીઓથી પરસેવો છૂટી જતો હોય. આવા પ્રદુષણને દૂર કરવા સૌએ સાથે મળીને નિરંતર સહયોગ આપવામાં આવે તો ખરેખર સ્વચ્છતા અભિયાનને ચોક્કસથી સફળતા મળશે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 079

**સંકુલ ગુજરાતી મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ**

| | | | |
|---|---|---|---|
| બાલમંદિર ગુ.મી. | ૩૪૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ ગુ.મી. | ૨૭૨૦૦ |
| ધો. ૧ થી ૫ ગુ.મી. | ૫૬૦૦ | આર્ટસ કોલેજ Psy-Soc-Eng | ૧૪૦૦૦ |
| ધો. ૬ થી ૮ ગુ.મી. | ૬૬૦૦ | કોમર્સ કોલેજ બન્ને મિડીયમ | ૧૮૨૦૦ |
| ધો. ૯ – ૧૦ ગુ.મી. | ૭૮૦૦ | સાયંસ કોલેજ માઈક્રો – BT | ૨૬૨૦૦ |
| ધો. ૧૧–૧૨ આર્ટસ ગુ.મી. | ૯૦૦૦ | BCA કોલેજ - AICTE | ૨૬૨૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ ગુ.મી. | ૯૮૦૦ | BBA કોલેજ - AICTE | ૧૯૬૦૦ |



## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **બશીરભાઈ ઈસ્માઈલભાઈ સોલંકી** રહે. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા
રે. સર્વે.નં. ૪૩૦ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૧
જેના ચો.મી. ૧૯૯–૦૫
રજી. દસ્તાવેજ નં. ૬૪૩ — તારીખ : ૨૩/૦૯/૧૯૯૭

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ સાકરબેન નથુભાઈ કોરાટ રહે. ગોંડલનાં કુલમુખત્યાર (૧) હર્ષદભાઈ સવજીભાઈ સોરઠીયા (૨) રવિન્દ્રભાઈ ઉકાભાઈ પટેલ રહે. ગોંડલવાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૩/૦૪/૧૯૯૩ નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૭/૦૫/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૪૨૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૮૫ | ૧૦૨૫ |
| ૪ | ચણા | ૧૦૫૮ | ૧૦૯૨ |
| ૫ | જીરૂ | ૩૦૧૫ | ૩૮૬૫ |
| ૬ | ઘઉં | ૪૬૧ | ૫૦૯ |
| ૭ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૦૯૦ |
| ૮ | તલ કાળા | ૨૮૧૫ | ૩૭૫૫ |
| ૯ | મગ | ૧૨૪૦ | ૧૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૪૪ | ૫૦૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૭૫ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૨૫ | ૨૧૭૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૮ |
| ૪ | બાજરો | ૩૪૦ | ૪૭૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૩૭૧ | ૧૦૦૮ |
| ૭ | મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| ૮ | મગ | ૧૨૯૧ | ૧૭૦૦ |
| ૯ | તુવેર | ૧૧૦૨ | ૧૩૧૬ |
| ૧૦ | ચણા | ૯૭૦ | ૧૦૫૯ |
| ૧૧ | મેથી | ૮૫૧ | ૮૭૧ |
| ૧૨ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ૧૩ | રાય | ૮૫૬ | ૧૧૦૧ |

# અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાઉન્ટ ડાઉન યોગ શિબિર સંપન્ન



મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અન્વયે ગુજરાત રાજય યોગ બોર્ડદ્વારાઅમરેલી ખાતે મેદસ્વિતા મુક્ત ગુજરાતઅને 'આંતરરાષ્ટ્રીયયોગદિવસ કાઉન્ટ ડાઉન યોગ શિબિર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી ખાતે યોજાયેલ આ યોગ શિબિરમાં આશરે ૩૦૦જેટલાનાગરિકોએભાગલીધોહતો. યોગપ્રોટોકોલ પ્રશિક્ષણ ગુજરાત રાજય યોગ બોર્ડ ઝોન-૬ના ઈન્સ્પેકશન કો-ઓર્ડિનેટર રિદ્ધિબેનદ્વારાયોગાભ્યાસ કરાવવામાં આવ્યો. મેદસ્વિતા દૂર કરવા યોગ અને પ્રાણાયામનો અભ્યાસ કેટલો મહત્વનો છે. તે સમજાવવામાં આવ્યું. અમરેલી જિલ્લા કો-ઓર્ડિનેટર તથા યોગ કોચ, યોગ ટ્રેનર દ્વારા યોગ અમરેલી જિલ્લામાંવધુમાંવધુનિઃશુલ્કયોગવર્ગોશરૂ થઈ શકે તે માટે પ્રયત્નો શરૂ છે. ગુજરાત રાજયસરકારનારમતગમતઅનેસાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગદ્વારા 'ગુજરાતરાજય યોગ બોર્ડ'ની રચના કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતરાજયમાંયોગનોવ્યાપવધે, વધુમાં વધુ નાગરિકો યોગ કરતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ માટે યોગ્ય માર્ગદર્શન મળે, નાગરિકો નિરોગી રહે તેઓ સ્વસ્થ જીવનશૈલી અપનાવી વધુ સારૂ અને નિરોગીજીવનજીવવામાટેપ્રોત્સાહિતથાય તે યોગ બોર્ડનો મુખ્ય હેતુ છે. જિલ્લાના નાગરિકોને આ નિઃશુલ્ક યોગ વર્ગમાં જોડાવવા અને યોગને પોતાની જીવન શૈલીનોમહત્વનોભાગબનાવવાગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા અનુરોધ છે.

### હિમાચલ પ્રદેશની પીર પંજાલ રેન્જમાં

## અમરેલીનાં લાલાવદરનાં ડો. ગોપાલ રાઠોડે ૧૭,૩૦૦ ફૂટ ઊંચા શિખર પર તિરંગો લહેરાવ્યો

### અત્યંત નીચા તાપમાનમાં ચઢાઈ કરી



અમરેલી, તા. ૨૭

વિના નકશા પર ભારત આજે નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે – અને એ સફરમાં ગુજરાતીઓના યોગદાનને અવગણવું શકય નથી. આવી જ એક નોંધપાત્ર સાહસગાથા આજે દેશભરમાંચર્ચાનોવિષયબનીછે. ગુજરાતના ૧૫ યુવાન પર્વતારોહકોની ટીમે હિમાચલ પ્રદેશની પીર પંજાલ રેન્જમાંઆવેલી ૧૭,૩૦૦ફૂટ ઊંચી "માઉન્ટફ્રેન્ડશિપ" પરદુર્ગમચઢાણઅને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી ચોટી પર સફળતાપૂર્વક ચઢાઈ કરી, તિરંગો લહેરાવ્યોઅનેએસાથે જ દેશના યુવાનોમાં નશાવિરોધી જાગૃતિ ફેલાવવાનો સંદેશ "No Drugs Campaign" ગગનચુંબી શિખર સુધી પહોંચાડયો.

આ અભિયાન પાછળ હતી Invincible NGOની દઢપ્રતિબદ્ધતા. ભારતના સૌથી મોટા ટ્રેકિંગ અને એડવેન્ચર સંસ્થા તરીકે ઓળખાતા ઈન્વિન્સિબલ દ્વારા આ યુવાનોને બે મહિના સુધી કઠોર શારીરિક અને માનસિકતાલીમ આપવામાં આવી જેમાં દરરોજ રનિંગ, સામાન સાથે ચઢાણ, યોગ-પ્રાણાયામ, ટેક્નિકલ વિડિઓ લેકચર્સ, અને અનુભવ સંપન્ન કોચીઝની માર્ગદર્શિકાની આગવી સિદ્ધિનો સમાવેશ થાય છે. ત્યારબાદ શારીરિક કસોટીના આધારે આ યુવાઓની પસંદગી કરવામાં આવી હતી.

ટીમે ૨૦ મેના રોજ પોતાની યાત્રાની શરૂઆત કરી અને ૨૬ મે શિખર સર કરી સફળતા પ્રાપ્ત કરી. દુર્ગમ માર્ગ, હિમયુકત વાતાવરણ અને ઓકિસજનની અછત જેવી તમામ અડચણોને પાર કરી ગુજરાતના યુવાનો તિરંગો લહેરાવ્યો સાથે એ No Drugs Campaignનો મેસેજ પણ આપ્યો હતો જેથી યુવાઓમાં ડ્રગ્સ માટેની જાગૃતતા વધે માટે સમગ્ર ટીમને ઈન્વિન્સિબલ એન.જી.ઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી.

આ સાહસિક યુવાની ટીમમાં ડો. ગોપાલ રાઠોડ ઉપરાંત અન્ય ૧૪ લોકો પણ જોડાયા હતા જેમણે પોતાની હિંમત અને સંકલ્પ શકિતથી દેશનું ગૌરવ વધાર્યુ હતું.

Invincible NGOના "No Drugs" અભિયાન હેઠળ આયોજિત આ શિખર વિજય માત્ર એક સાહસ નહોતું – પણ યુવાશકિતને એક નવી દિશા આપતું, નકારાત્મક પ્રવૃત્તિઓ સામે યુવાનોના સકારાત્મક ઉદ્ઘોષરૂપ સંકલ્પનું પ્રતિબિંબ હતું.

## લાઠી : ખોડલ ધામ સમિતિ દ્વારા ખોડલ ધામ ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો



લાઠી, તા. ૨૭

લાઠી તાલુકા ખોડલધામ સમિતિ દ્વારા શકિતપીઠ કાગવડ ધ્વજા રોહણ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત રાજયનાં પૂર્વ યુવા સાંસ્કૃતિક મંત્રી બાવકુભાઈ ઉઘાડે હાજરી આપી લાઠી તાલુકાના અસંખ્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી સમસ્ત ખોડલધામ સમિતિઓનાં સંકલનથી શકિત પીઠ ખોડલધામ કાગવડ ધ્વજા રોહણ કાર્યક્રમમાં સમગ્ર લાઠી તાલુકા ખોડલધામ સમિતિઓનાં અગ્રણી ખોડલધામ કાગવડનાં ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા શીતલ આઈસ્કીમ ભૂવા પરિવાર સહિત અનેક સામાજિક સ્વેચ્છિક સંસ્થાઓનાં અગ્રણીઓની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી હતી.

## અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ૪૫ થી વધુ બહેનોએ પ્રાકૃતિક ખેતીનાં વિવિધ આયામોની તાલીમ મેળવી

અમરેલી, તા. ૨૭

પ્રાકૃતિક કૃષિ એ ઉજ્જવળ ભવિષ્ય માટેનો માર્ગ છે. અમરેલી જિલ્લામાં બહેનો હવે 'કૃષિ સખી' બની પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ ધપાવશે. આ સાથે ભાઈઓ પણ કોમ્યુનિટી રિસોર્સ પર્સન તરીકે જોડાઈને પ્રાકૃતિક કૃષિની મુહિમને વધુ વેગવાન બનાવશે.

નેશનલ મિશન ફોર નેચરલ ફાર્મિંગ અંતર્ગત ત્રણ ગામોનું એક કલસ્ટર બનાવવામાં આવ્યું છે. આ ત્રણ ગામો માટે એક બહેન કૃષિ સખી તરીકે અને એક ભાઈ કોમ્યુનિટી રિસોર્સ પર્સન કાર્ય કરશે. કોમ્યુનિટી રિસોર્સ પર્સન ગામડાઓમાં પ્રાકૃતિક કૃષિના તાલીમના આયોજનમાં મદદરૂપ બનશે. કલસ્ટરમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયત સાથે સંકલનમાં રહીને ગામના મંદિર, શાળા, મંડળી, પંચાયત કે અન્ય જગ્યા સહિત જાહેર સ્થળોએ પ્રાકૃતિક કૃષિનો પ્રચાર – પ્રસાર કરવામાં આવશે. આ માટે કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સનને નિયત માનદવેતન પણ ચૂકવવામાં આવશે. આમ, અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ તેજી આપશે.

કૃષિ સખી બનવા માટે બહેનો ધોરણ ૭ પાસ, સખી મંડળના સભ્ય, પોતાની ખેતી અને પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા હોવા જોઈએ તેવી જ રીતે કોમ્યુનિટી રિસોર્સ પર્સન બનવા માટે ભાઈઓ પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવવાની સાથે પોતાની જમીન અને સાત ધોરણ-૭ પાસ હોવા જોઈએ. આમ, કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન બનવા લાયકાત ધરાવનારે અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટ ડાયરેકટર, આત્મા પ્રોજેકટ કચેરી અથવા તાલુકા કક્ષાએ બ્લોક ટેકનોલોજી આત્મા પ્રોજેકટ મેનેજરનો સંપર્ક કરવો.

ઉલ્લેખનીય છે કે, નેશનલ મિશન ફોર નેચરલ ફાર્મિંગ અંતર્ગત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવા માટે ૪૫ થી વધુ બહેનોને કૃષિ સખી બનવા માટે પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામોની તાલીમ આપવામાં આવી છે.

પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા અને ઉત્સાહી ભાઈઓ – બહેનોને કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન તરીકે જોડાવવા આત્મા પ્રોજેકટ ડાયરેકટર મહેશ ઝીડ અને ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટર દિલીપ ચાવડા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીના વરદહસ્તે

## કુંકાવાવ-બગસરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનાં મકાનનુ ભૂમિપૂજન કરાયુ

### મોટી સંખ્યામાં ખેડુત અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા



કુંકાવાવ, તા. ૨૭

કુંકાવાવ ખાતે કુંકાવાવ બગસરા તાલુકા સેવનનું નવુ બીલ્ડીંગ બનાવવાનું ખાતમુર્હત આજે સહકારી આગેવાન અને અમરેલી જિલ્લાના પનોતા પુત્ર ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે યોજવામાં ચાલુ હતું. જયા આજે તાલુકાભરના સરકારી ક્ષેત્રમાં કામ કરતા આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ રાજકારણથી દુર રહીને સહકારી પ્રવૃતિઓ દ્વારા સહકારથી સમૃધ્ધી તરફ દેશ આગળ વધી રહ્યો છે. ત્યારે વર્ષો બાદ કુંકાવાવ ખાતે તાલુકા સંઘનુ નવુ બીલ્ડીંગ બની રહ્યું છે. તેની આનંદ છે. જયારે જીલ્લા માત્ર ચાર જ ખરીદ વેચાણ સંઘ છે અને તે ખેડુતના હીતમા ભેદભાવ વગર કામ કરીને ખેડુતોને ઉપયોગી થઈ રહ્યા છે. ત્યારે જયારે સહકારી ક્ષેત્રની વાત આવે ત્યારે તમામ રાજકારણ એક બાજુ મુકીને માત્ર સહકારની ભાવનાની વર્ષોથી હું કામ કરી રહ્યો છું. અને કરતો રહીશ તેવી વાત કરીને સહકારી પ્રવૃતિની વીસ્તૃત માહીતી આપી હતી.

આમ કુંકાવાવ બગસરા તાલુકા સંઘનું નવું બીલ્ડીંગય ટુંક સમયમાં બની જશે અને ખેડૂતોના હીતમા જરૂરી વસ્તુ જેવી કે, ખાતર, બીયારણ વગેરેની સુવિધાઓ મળશે આમ વર્ષો બાદ સહકારી સંઘના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સહકારી પ્રવૃતિમાં ભાજપ કોંગ્રેસ નહીં માત્ર સહકાર અન ઉપયોગી જવાની ભાવનાઓ વ્યકત કરી હતી. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણી, અશ્વીનભાઈ સાવલીયા, કાંતીભાઈ સતાસીયા તેમજ તાલુકાભરના મંડળીના હોદેદારો આગેવાનોની હાજરીમાં એક સુંદર કાર્યક્રમનું આયોજન તાલુકા સંઘના પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાની આગેવાનીમાં યોજાયો હતો.

### સાવજોની ડણુંકો સંભળાય તેવા પ્રાકૃતિક ધામ

## ગઢીયાગીર દાનબાપુની જગ્યામાં આજે સંતવાણીનો કાર્યક્રમ યોજાશે

### એક વર્ષમાં છઠ્ઠી વખત સંતવાણી યોજાશે



ચલાલા, તા. ૨૭

ચલાલાની જગ વિખ્યાત અંશાવતાર દાનમહારાજની જગ્યાના મહંત મહારાજ પુજય વલકુબાપુના આશીર્વાદ અને પ્રસન્નતાથી ગઢીયાગીરમાં નવી આકાર પામી રહેલ દાનમહારાજની પવિત્ર દેહાણ જગ્યામાં આજે તા. ૨૮/૫/૨૫ને બુધવારના રાત્રીના નવ કલાકે ધારી ભજન મઢી રસીકગીરી બાપુ, ગઢીયાગીર દાનબાપુની જગ્યાના મહંત હર્ષદ બાપુ ભગત સહીત સંતો મહંતો અને મહાનુભાવો અને ભાવીક ભકજનોની ઉપસ્થિતિમાં ભવ્ય સંતવાણીનું આયોજન કરવામાં આવેલ છે. તો ગઢીયાગીર દાનમહારાજ જગ્યાના મહંત હર્ષદ બાપુ ભગતે આ પંથકના તમામ ભાવિક ભકતજનો અને સમુહ સેવક ગણને સંતવાણીનો દિવ્ય લાભ લેવા લાગણીસભર જાહેર નિમંત્રણ પાઠવેલ છે. આ વર્ષના સતત ૬ ઠા સંતવાણી કાર્યક્રમમા ખ્યાતાનામ ભજનિક અનુભા ગઢવી, વિવેક ભાનુશાળી, ભરતભાઈ ખવડ, ધીરજ બારોટ, ગુરવિર પ્રજાપતિ, સાગર પ્રજાપતિ મનીષદાન ગઢવી, ધાર્મિક ગજજર ઉત્સાદ જેવા કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણીની જમાવટ બોલાવશે.

ગઢીયાગીર તા. ધારી જિ. અમરેલીમા પુજય વલકુબાપુના આશીર્વાદથી અંશાઅવતાર પુજય દાનમહારાજની નવી જગ્યા આકાર લઈ રહીશે. ત્યા જગ્યાના મહંત હર્ષદ બાપુ ભગતના સાનિધ્યમાં ધર્મની ધજા ફરકી રહી છે. બંને ટાઈમ હરીહરના હાદ પડી રહ્યા છે. ગૌ માતાની અકલ્પિય સેવાઓ થઈ રહી છે. મુંગા પશુપક્ષીને ચણ નખાઈ રહી છે. બંને ટાઈમ જાલરૂ વાગી રહી છે. સનાતન ધર્મનનો જયઘોષ થઈ રહ્યો છે. આ બધાની સાથે સાવજો તરસ છીપાવા જગ્યાની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે. આવી વન પ્રાકૃતિક મનોહર વાતાવરણમાં ગઢીયાગીર આશ્રમમાં પુજય દાનમહારાજ સહીત દેવોના બેસણાં છે. તેને વંદન કરવા એકવાર ચોકકસ જવા જેવુ છે તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )


'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ PreSchool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in

## એક સમયે ગોકુળિયુ ગામ તરીકે જાણીતા મોટાભાગનાં ગામડાઓ ખાલીખમ

# અમરેલી જિલ્લાનાં ગ્રામિણ વિસ્તારોમાંથી રોજગારીનાં અભાવે સ્થળાંતર

પીવા તેમજ સિંચાઈ માટે પાણી, આરોગ્ય અને શિક્ષણની સુવિધાનો અભાવ પણ સ્થળાંતર કરવા મજબૂર બનાવે છે

ગ્રામ્ય વિસ્તાર જેના ઉપર ધમધમતો હોય છે તેવા ખેતી ક્ષેત્રને જરૂરી પ્રોત્સાહન ન મળતાં પરેશાની વધી

શહેરીકરણની આંધળી દોટનાં લીધે નવી પેઢી ગામડામાં રહેવું પસંદ કરતી નથી

કયાંક ખારોપાટ, કયાંક જંગલી જાનવરની પરેશાનીથી ગ્રામ્ય જનતા તોબા પોકારી ગઈ



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના ગામડાઓ હવે ખાલી થઈ રહ્યા છે અમરેલીજિલ્લામાંરહેતાલોકોહવેનોકરી અને વ્યવસાય માટે અન્ય સીટી, શહેરો, મહાનગરોમાં વસવાટ કરે છે. ગામડું ખાલી થવાનું મુખ્ય કારણ ગ્રામીણ વિસ્તારમાંરોજગારીનોઅભાવહોવાથી ગામડાઓ ખાલી થઈ રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારનાં અગ્રણી ભરતભાઈ ચોડવડીયાએ જણાવ્યું કે, પોતે સીમરણ ગામમાં રહે છે. સીમરણ ગામની વસ્તી આશરે ૯૫૦૦થી વધુ વ્યકિતની છે. પરંતુ હાલ આ ગામમાં ૯૦૦થી ઓછા વ્યકિતઓ ગામની અંદર રહે છે જે ચિંતાનો વિષય છે.

હાલની પરિસ્થિતિમાં ગામડાઓ ધીમેધીમે ખાલી થઈ રહ્યા છે. આ સિમરણ ગામ ધીમેધીમે ખાલી થવાનું મુખ્ય કારણ છે આ ખારો વિસ્તાર હોવાથી અહીં પાણી નથી જેથી રોજગારીની કોઈ તક મળતી નથી. ત્યારે વ્યવસાય માટે અહીં કોઈ વ્યકિત રહી શકતા નથી અને આજુબાજુના ગ્રામીણ વિસ્તારમાં ખારો વિસ્તાર હોવાથી ત્યાં કોઈપણ પ્રકારની પાક કે સારી એવી કંપની આવતી નથી. જેથી આ વિસ્તારના રોજગાર કમાવવા માટે લોકોને બહાર શહેરમાં જવું ફરજિયાત થઈ પડે છે. જેથી ગામડા ધીમે ધીમે ખાલી થઈ રહ્યા છે.

વધુમાં જણાવ્યું કે, અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારો હજુ પછાત છે અને ગામડાં ગામની અંદર અનેક સુવિધાઓનો પણ અભાવ છે. સાથે જ ગામડાની અંદર રહેતા વ્યકિતઓ હવે મહાનગરો તરફ જઈ રહ્યા છે. ઉચ્ચ અભ્યાસ, સારા વ્યવસાય માટે થઈ ગામડાના લોકો મહાનગરો તરફ જાય છે. પોતાના સિમરણ ગામની અંદર ૧૦% લોકો હવે વસવાટ કરે છે જયારે ૯૦ટકા વસ્તી બહારના મહાનગરોમાં રહેવા જતી રહેલ છે. ગામની અંદર એક વીઘાની જમીનમાં રહેતો પરિવાર આજે મહાનગરમાં વસવાટ કરે છે. જયારે ગામડાના ઘર ખાલી થયા છે અને ગામડાની શેરીઓ સુની સુની થઈ ગઈ છે.

અમરેલી જીલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ જ પછાત છે જેને લઈને હવે યુવા વર્ગ અમદાવાદ, મુંબઈ, વડોદરા અને સુરત જઈ રહયો છે અને ત્યાં જ રહી અને વ્યવસાય કરી રહ્યા છે. જયારે ખેતીવાડીમાં પિયત માટે પાણીનો અભાવ હોવાના કારણે વડીલો પણ ખેતી છોડી અને મહાનગરોમાં જતા રહે છે.

### પાલિકાની નિષ્ક્રીયતાથી પરેશાની

## દામનગરમાં જાહેર મુતરડીઓની આસપાસ પ્લાસ્ટિકનાં ગંજ ખડકાયા

શહેરજનોમાં જાગૃતિનો પણ અભાવ જોવા મળે છે




દામનગર, તા. ૨૭

મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા માણસ પોતે સ્વયં જાગૃત ન થાય ત્યાં સુધી જાહેર વ્યવસ્થામાં સુધારો શકય નથી બનતો. પ્રદૂષણમુકત કરવાના સરકારનાં

અનુસંધાન પાના ૬ ઉપર

### સુજલાજ સુફલામ યોજનામાં કોઈ ભ્રષ્ટાચાર થયો નથી

## લાલાવદરને બદનામ કરવાનો તાલુકા કોંગ્રેસના પ્રમુખનો મનસુબો નિષ્ફળ : કોઈ ગેરરીતિ થઈ નથી

### ગામનાં ઉપસરપંચ ચેતન ધાનાણીએ જડબાતોડ જવાબ આપ્યો

અમરેલી, તા. ૨૭

અમરેલીના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસનો વેગ પકડાયો છે ત્યારે નરી આંખે વિકાસને જોઈ ન શકતા કોંગ્રેસના આગેવાનોના પેટમાં તેલ રેડાય એ સમજી શકાય તેવું છે. લાલાવદર ગામના આગેવાન ઉપસરપંચ એવા ચેતનભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલા લાલાવદર ગામને બદનામ કરવાનો મનસૂબો કોંગ્રેસના તાલુકા આગેવાન દ્વારા ઘડવામાં આવ્યો હતો. ખોટેખોટી અરજીઓ અને સોશ્યલ મીડિયામાં વીડિયો બનાવીને ફિસયારી મારતા આ આગેવાને પોતાની અજ્ઞાનતાનો નમૂનો પ્રદર્શિત કરતાં લાલાવદર ગામમાં સુજલામ સુફલામ યોજનાની કામગીરી પર પ્રશ્ન કર્યા હતાં. પરંતુ તેઓએ બાબતથી સંપુર્ણ અજાણ હતાં કે, સુજલામ સુફલામ યોજના અંતર્ગત લાલાવદરમાં ૧૦૦ ટકા સિવાય ૬૦/૪૦ ટકાની કોઈ કામગીરી થયેલી નથી અને કોઈપણ પ્રકારનું સરકાર દ્વારા ૬૦/૪૦ ટકાનું પેમેન્ટ થયેલું નથી. પાયાવિહોણા આક્ષેપ કરીને લાલાવદર ગામને બદનામ કરવાનું પાપ કર્યુ છે. છેલ્લા વર્ષોમાં લાલાવદર ગામમાં આંતરાષ્ટ્રીય રમતવીરોને પ્લેટફોર્મ મળે એવું સ્પોર્ટ્સ સંકુલ તૈયાર થઈ રહ્યું છે. બીજા અન્ય વિકાસના કામો નિર્માણ પામી રહ્યાં છે અને ગામમાં અત્યાધુનિક સુવિધાઓ સાથે ગ્રામ પંચાયત કાર્યરત છે. કોંગ્રેસ તાલુકા આગેવાને જે પ્રશ્નો ઊભા કર્યા હતાં તેનો સ્પષ્ટ જવાબ સરકારના સિંચાઈ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે લાલાવદર ગામમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ થયેલી નથી.



સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ અમરેલી જીલ્લાના તળાવ તથા ચેકડેમની ઉંડા કરવાનું આયોજન સરકારના સિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં અમરેલી તાલુકાના લાલાવદર ગામે વી.ટી. માટે એસ.પી ઈન્ફ્રા. અમદાવાદ દ્વારા અમરેલી ખીજડીયા રેલ્વે ટ્રેકના કામ માટે સરકારના ૧૦૦% સ્વખર્ચે યોજનામાં માટી લેવા જરૂરી દસ્તાવેજો સાથે રજૂઆત આવેલ તથા સદભાવના ફાઉન્ડેશન દ્વારા માટી ખેડૂતોના હિત માટે પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેરનાં દોઢ લાખ જેટલા નાગરિકો તોબા પોકારી ગયા

## અમરેલી શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, અનિયમિત પાણી વિતરણ, રખડતા પશુઓની સમસ્યા દૂર કરાતી નથી

### પાલિકાનાં શાસકોને શહેરીજનોની કોઈ ચિંતા થતી નથી




અમરેલી, તા. ૨૭

અમરેલીશહેરની દોઢ લાખ જનતા પાલિકાનાં શાસકોની ગંભીર બેદરકારીનાં લીધે પરેશાન થઈ ચુકી છે.

શહેરમાં આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પણ દરરોજ પીવાનું પાણી આપવામાં આવતા નથી, શહેરમાં રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની ગઈ છે અને છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી રહેણાંક વિસ્તાર ઉપરાંત જાહેર માર્ગો ઉપરની સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી રહી છે.

શહેરીજનોને પાલિકા હસ્તકની સુવિધા મેળવવા માટે અનેક વખત રજૂઆત કરવી પડે છે અને રજૂઆત બાદ પણ પાલિકાનાં શાસકો કોઈ કાર્યવાહી કરતા નથી તે હકીકત છે.










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)